અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ ત્રીજ | અંક : ૯૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886





વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના પ્રવાસે છે ત્યારે વડાપ્રધાન મોદીએ અંબાજી ખાતે માતા અંબાની પૂજા-અર્ચના કરી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. તેમના આગમનને લઈ લોકોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અંબાજીના માર્ગો પર લોકોએ પીએમ મોદી ઉપર ફૂલોનો વરસાદ કરી તેમનું અભિવાદન કર્યું હતું. આ સમયે તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને ગૃહમંત્રી હર્ષ સંઘવી હાજર રહ્યા હતા.

# ભારતના ચંદ્રયાન-૩ મિશનની સફળતાથી વિશ્વ અચંબિત : પીએમ મોદી

## મોદીએ મહેસાણામાં લગભગ રૂ. ૫૮૦૦ કરોડની રેલ, રોડ, પીવાનાં પાણી અને સિંચાઈને લગતી વિવિધ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું

। ખેરાલુ, તા.૩૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસના ગુજરાત પ્રવાસે છે. પીએમ નરેન્દ્ર મોદીએ મહેસાણામાં લગભગ રૂ. ૫૮૦૦ કરોડની રેલ, રોડ, પીવાનું પાણી અને સિંચાઈને લગતી વિવિધ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. પીએમ મોદીએ આજે અંબાજી મંદિરમાં પૂજા અને દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે મહેસાણામાં અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું હતું. પીએમ નરેન્દ્ર મોદીએ મહેસાણાના ખેરાલુમાં ચંદ્રયાન-૩ અને જી-૨૦ની સફળતાથી ચર્ચા કરી છે. પીએમ મોદીએ કહ્યું કે, વિશ્વનો કોઈ દેશ અત્યાર સુધી ચંદ્રના જે વિસ્તારમાં પોતાનું યાન ન ઉતારી શક્યો ત્યાં ભારત સફળતા પૂર્વક પહોંચ્યું. પીએમ મોદીએ કહ્યું કે, વિશ્વના લોકો અને નેતાઓ ભારતની સફળતાથી અચંબિત થઈ ગયા છે. પીએમ નરેન્દ્ર મોદી મહેસાણામાં રેલી સ્થળ પર પહોંચ્યા હતા ત્યારે તેમના સ્વાગત માટે લોકોનું ટોળું ઉમટી પડ્યુ હતું. લગભગ ૧ લાખ લોકોની ભીડ પીએમ મોદીની એક ઝલક જોવા માટે સવારથી ત્યાં પહોંચવા લાગી હતી. અનેક લોકો પોતાના પારંપારિક પોશાકમાં રેલીમાં પહોંચ્યા હતા. પીએમ મોદીએ મહેસાણામાં કહ્યું કે, ઉત્તર ગુજરાતમાં પાણીની સમસ્યા હવે ભૂતકાળ બની ગઈ છે. ઉત્તર ગુજરાતે સુજલામ સુફલામ યોજનાને



સફળ બનાવી હતી. સિંચાઈની નવી ટેકનોલોજીથી ખેડૂતો સમૃદ્ધ બન્યા છે. મા નર્મદાનું પાણી દરેક ઘરમાં પહોંચ્યુ છે. ઉત્તર ગુજરાતના બટાકા વિશ્વભરમાં પ્રખ્યાત છે. ફ્રેન્ચ ફ્રાઈસ માટે ઉત્તર ગુજરાતના બટાકાની ડિમાન્ડ છે. બનાસકાંઠામાં મેગા ફૂડ પાર્ક બનાવવાનું કામ ચાલી રહ્યું છે. દુનિયાભરમાંથી લોકો અહીં ડેરી મોડલ જોવા માટે આવે છે. અગાઉ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અંબાજી પરિસરમાં પીએમ મોદીએ હાજર રહેલા શ્રદ્ધાળુઓનું અભિવાદન જીલ્યું હતું. તેમની સાથે સીએમ ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએઅંબાજીમાં પૂજા કરી હતી.અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ તરફથી માતાજીની ચુંદડી ઓઢાડીને પીએમનું સન્માન કરવામાં આવ્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

## શિવલિંગના એએસઆઈ સર્વેની માગ પર સુનાવણીનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર



। નવી દિલ્હી, તા.૩૦ ।

સુપ્રીમ કોર્ટે વારાણસીના જ્ઞાનવાપી સંકુલમાં મળેલા શિવલિંગ જેવી રચનાના એએસઆઈ સર્વેક્ષણની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે અરજીની સુનાવણી ન કરવા પાછળનું કારણ આપતા જણાવ્યું કે, નીચલી અદાલતમાં હજુ સુનાવણી શરુ છે, તો પીઆઈએલ પર સુનાવણી કરવાથી કોઈ ફાયદો નથી. આ પહેલા અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેંચે અરજીને ફગાવતા કારણ આપ્યું હતું કે મામલો નીચલી કોર્ટમાં પેન્ડિંગ છે. વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદ મામલે મંદિર પક્ષે સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરીને જ્ઞાનવાપીના સીલ કરેલા વિસ્તારના એએસઆઈ સર્વેની માંગણી કરી હતી.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પર યુએનમાં ભારતના વલણ પર નિવેદન

# અન્યોને અસર કરતો આતંક ગંભીર ન ગણવાથી દેશની વિશ્વસનીયતા નહીં રહે : એસ જયશંકર

। નવી દિલ્હી, તા.૩૦ ।

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, જો ભારત અન્ય દેશોને અસર કરતા આતંકવાદને ગંભીર ન ગણે તો તેની કોઈ વિશ્વસનીયતા નહીં રહે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યુ છે કે જ્યારે હમાસ-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને ભારતે ગાઝા સંઘર્ષ વિરામ પર સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવથી અંતર જાળવી રાખ્યુ છે. ભારતે આતંકવાદી હુમલા માટે હમાસની નિંદા કરી છે. જયશંકરે કહ્યું કે, અમે આતંકવાદ પ્રત્યે કડક વલણ અપનાવીએ છીએ કારણ કે, આપણે આતંકવાદના મોટા પીડિત છીએ. જો આપણે કહીએ કે, જ્યારે આતંકવાદ આપણને અસર કરે છે ત્યારે તે ગંભીર છે અને જ્યારે તે કોઈ અન્યને અસર કરે છે ત્યારે તે ગંભીર નથી તો આપણી કોઈ વિશ્વસનીયતા નહીં રહેશે. આપણે સતત એક સ્થિતિ જાળવી રાખવાની જરૂર છે. વિદેશ મંત્રી જયશંકરે ભોપાલમાં એક કાર્યક્રમમાં ભઆગ લેતા ભારતના વિભિન્ન વિદેશી મામલાના વલણ વિશે જણાવ્યું અને કહ્યું કે, જે રીતે ઘરમાં સુશાસન જરૂરી છે એવી જ રીતે વિદેશમાં પણ યોગ્ય નિર્ણય જરૂરી છે. તેમણે કહ્યું કે, હું તમને યુક્રેનનું ઉદાહરણ આપીશ. મને ખબર છે કે, એ વાત પર ખૂબ ધ્યાન આપવામાં આવ્યુ હતું કે, આપણે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના પોતાના અધિકાર અંગે કડક વલણ અપનાવ્યું. પરંતુ હું ઈચ્છું છું કે તમે વિચારો કે, જો આપણે દબાણ આગળ ઝૂકી ગયા હોત અને જો આપણે એ વિકલ્પ ન અપનાવ્યો હોત તો કલ્પના કરો કે પેટ્રોલિયમ ઉત્પાદનોની કિંમત કેટલી વધારે હોત.

દેશમાં મોંઘવારી કેટલી વધી ગઈ હોત તેની કલ્પના કરો. આ માત્ર ગર્વની વાત નથી કે સ્વતંત્રતાનું નિવેદન નથી. એક સારી

### મહારાષ્ટ્રમાં મરાઠા અનામતનો મુદ્દો ગરમાયો

# બીડમાં એનસીપીના ધારાસભ્યના ઘરને આગ ચાંપી દેવામાં આવી

। મુંબઈ, તા.૩૦ ।

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતનો મુદ્દો ગરમાયો છે. તેની લપેટમાં હવે ધારાસભ્ય પણ આવી ગયા છે. અહેવાલ અનુસાર મરાઠા અનામતના આંદોલનકારીઓએ બીડ જિલ્લામાં સ્થિત એનસીપીના ધારાસભ્ય પ્રકાશ સોલંકેના નિવાસને આગચાંપી દીધી હતી. માહિતી અનુસાર ડેપ્યુટી સીએમ અજિત પવારના સમર્થક અને તેમના જૂથના ધારાસભ્ય પ્રકાશ સોલંકેના ઘરે દેખાવકારોએ પથ્થરમારો કરી દીધો હતો. તેના પછી તેમણે ઘરમાં ઘૂસીને તોડફોડ મચાવ્યા બાદ આગ ચાંપી દીધી હતી. એનસીપીના ધારાસભ્ય પ્રકાશ સોલંકેએ કહ્યું



કે જ્યારે મારા ઘરે દેખાવકારોની ભીડે હુમલો કર્યો. તે સમયે તે પોતાના ઘરમાં હાજર હતા. તેમણે કહ્યું કે આ ઘટના દરમિયાન મારા પરિવારનો કોઈ સભ્ય કે કર્મચારી ઘાયલ થયો નહોતો. અમે બધા સુરક્ષિત છીએ પણ આગચંપીને લીધે અમારી સંપત્તિને નુકસાન થયું છે.

## ગુગલ મેપ ઉપર તિરંગા સાથે ઈન્ડિયાના બદલે ભારત લખાયું

। નવી દિલ્હી, તા.૩૦ ।

સરકારે તાજેતરમાં જ દેશનું નામ ઈન્ડિયાથી બદલીને ભારત કરી દેવાના અનેક સંકેત આપ્યા. આ મુદ્દે રાજકારણ પણ ગરમાયું છે. જોકે ભલે સત્તાવાર રીતે દેશનું અંગ્રેજી નામ ઈન્ડિયાથી ભારત ન કરાયું હોય પણ ગૂગલ મેપએ નવા નામને જરૂરથી સ્વીકારી લીધું છે.

ખરેખર તો તેનું કારણ એ છે કે જો તમે ગૂગલ મેપના સર્ચ બોક્સમાં ભારતટાઈપ કરશો તો તમને દક્ષિણ એશિયામાં એક દેશ લખેલું એ પણ તિરંગા સાથે દેખાશે. એ વાતથી કોઈ ફેર પડતો નથી કે તમે તમારા ગૂગલ મેપની ભાષા હિન્દી કરી છે કે પછી અંગ્રેજી. ગૂગલ મેપએ ઈન્ડિયા અને ભારત બંનેને દક્ષિણ એશિયામાં એક દેશ તરીકે માન્યતા આપી દીધી છે. જોકે અહીં ધ્યાન આપવા જેવી વાત એ છે કે ફક્ત ગૂગલ મેપ જ નહીં પણ ટેક કંપનીના અન્ય પ્લેટફોર્મ પર પણ ભારત અને ઈન્ડિયા લખશો તો પરિણામ સમાન જ આવી રહ્યા છે. યૂઝર્સ જો ગૂગલ સર્ચ, ગૂગલ ટ્રાન્સલેટર, ગૂગલ ન્યૂઝ જેવા એપ્સ પર જઈને ભારત કે ઈન્ડિયા લખશે તો પણ સમાન પરિણામ મળશે. જોકે હજુ સુધી ગૂગલ તરફથી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

## રાજકીય પક્ષોના સમર્થનમાં ઘર પર ઝંડો લગાવનારા સામે કાર્યવાહી થશે

। નવી દિલ્હી, તા.૩૦ ।

આ વખતે ચૂંટણીપંચે ચૂંટણી દરમિયાન ખાસ કરીને લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન પોતાના ઘરે રાજકીય પક્ષોના ઝંડા લગાવીને ખુલ્લેઆમ સમર્થન વ્યક્ત કરનારા સમર્થકો સામે કડક કાર્યવાહી કરી શકે છે. હવે આવા લોકો ચૂંટણી પંચની પરવાનગી વગર પોતાના ઘર કે કોઈ બિલ્ડિંગ પર કોઈપણ રાજકીય પક્ષનો ઝંડો લગાવી શકશે નહીં. હવે રાજકીય પક્ષોને ખુલ્લેઆમ સમર્થન કરવા માગતા લોકોએ જિલ્લા ચૂંટણી વિભાગની પરવાનગી લેવી પડશે. જો કોઈ પરવાનગી વગર પોતાના ઘરે કોઈપણ પાર્ટીના ઝંડા લટકાવશે તો ચૂંટણી વિભાગ તેમની સામે કડક કાર્યવાહી કરશે.

રાજસ્થાનની વાત કરીએ તો બિકાનેરમાં આ વખતે સોશિયલ મીડિયા પર ભલે વધારે પડતો પ્રચાર થઈ રહ્યો હોય પણ ન તો અહીંના કોઈ વિસ્તારોમાં પાર્ટીઓના ઝંડા અને બેનરો દેખાઈ રહ્યા નથી. અગાઉની ચૂંટણીઓમાં ઘરો પર પાર્ટીના ઝંડા જોવા મળતા હતા. ઘણી વખત ચૂંટણીનો માહોલ ઉભો કરવા માટે ઝંડા લગાવવામાં આવતા હતા, પરંતુ આ વખતે તેવો માહોલ સર્જાય તેમ લાગતું નથી.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...





કરવાચોથ માટેની ચારણીને સજાવીને સુશોભિત કરી રહેલ કારીગર.

### પ્રાકૃતિક ખેતી બની આવકની ખેતી

# રાસાયણિક ખેતીના ઝેર સામે એક જ વિકલ્પ શેષ : આચાર્ય દેવવ્રત

## ડીમાં આજે નવસારીમાં મહિલા ખેડૂતો માટે પરિસંવાદ યોજી તેમને પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન અપાયું હતું

। નવસારી, તા.૩૦ ।

વાતાવરણમાં તાપમાનમાં વધારો થતા ગ્લોબલ વોર્મિંગની અસર જોવા મળી રહી છે. જેમાં રાસાયણિક ખેતીનો ૨૪ ટકા ભાગ હોવાનું એક રિપોર્ટમાં સામે આવ્યું છે. ત્યારે જમીન અને ખેતીને બચાવવા ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી જ એક વિકલ્પ ખોવાની વાત સાથે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે યોદ્ધાઓ તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જેની કડીમાં આજે નવસારીમાં મહિલા ખેડૂતો માટે પરિસંવાદ યોજી તેમને પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. વર્ષ ૧૯૬૦માં કૃષિ ક્રાંતિના નામે રાસાયણિક ખેતી અસ્તિત્વમાં આવી હતી. જેના થકી ભારત વધતી વસ્તી સામે પૂરતું ખેત ઉત્પાદન મેળવી શક્યું હતુ. પરંતુ વર્ષો વીતતા વધુ પડતા રસાયણોને કારણે ઉપજાઉ ખેતીની જમીન બંજર થવા માંડી, જેથી જમીનને નવજીવન આપવા નવી પદ્ધતિઓ ઉપર સંશોધનો થયા અને એમાં ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી જ એક વિકલ્પ હોવાનું સામે આવ્યું છે. કુદરતી રીતે જમીનમાં સૂક્ષ્મ જીવાણુ અને અળસિયાઓ થકી જમીનની ફળદ્રુપતા વધારી ખેતી કરવા, ગાય ઉપયોગી હોવાનું જણાતા



ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસારના પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં આજે નવસારીમાં ૪ જિલ્લાની મહિલા ખેડૂતોને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા તેમના અભિયાનના યોદ્ધાઓ બનાવવા પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખેતીનો ભેદ સમજાવી, તેમને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં તેમણે કરૂક્ષેત્રની તેમની બંજર થયેલી ૧૦૦ એકર જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી થકી મેળવેલા પરિણામો સામે કૃષિ વૈજ્ઞાનિકો પણ થાપ ખાઈ ગયા હોવાનો સ્વ અનુભવ વર્ણવી, તમામ ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળે એવી અપીલ કરી હતી.

પ્રાકૃતિક ખેતીમાં કોઈપણ પ્રજાતિની એક ગાયના ઉછેર સાથે ખેતીમાં તેના છાણ અને ગૌમુત્રનો ઉપયોગ કરી ઘન જીવામૃત તેમજ અન્ય દ્રવણ બનાવી, તેના ઉપયોગથી જમીનમાં કરોડોની સંખ્યામાં સૂક્ષ્મ જીવાણુ ઉત્પન્ન કરી, જમીનની ફળદ્રુપતા વધારવા સાથે જ ઝેરમુક્ત ખેત ઉત્પાદન મેળવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. જેની સાથે જ રોગ જીવાત માટે વિવિધ વનસ્પતિના પાનમાંથી બનાવેલી દવાઓનો ઉપયોગ કરી શુદ્ધ ખેત ઉત્પાદનો મેળવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

જેમાં નવસારીના અબ્રામા ગામના મહિલા ખેડૂત બેલા પટેલ પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરી, ઓછા ખર્ચે ઉત્તમ અને શુદ્ધ ખેત ઉત્પાદન મેળવી સારી આવક મેળવી રહ્યા છે. આજ પ્રકારે દક્ષિણ ગુજરાતમાં થોડા વર્ષોમાં ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે અને તેમને સારા પરિણામો મળી રહ્યા છે. ત્યારે વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી જ કરતા થાય એ માટે રાજ્યપાલના માર્ગદર્શનમાં પ્રાકૃતિક કૃષિ વિશ્વ વિદ્યાલય દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં મહિલા ખેડૂતોને પણ પ્રોત્સાહિત કરવામાં આવી હતી. રસાયણિક ખેતી થકી ઉત્પાદિત ખેત પેદાશોને કારણે અનેક રોગ થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. ત્યારે પ્રાકૃતિક ખેતી થકી મેળવાતી ખેત ઉપજ જમીન અને મનુષ્ય જીવનને રોગ મુક્ત રાખવામાં મદદરૂપ થશે.

### એશિયન પેરા ગેમ્સમાં મેળવ્યા ૯ મેડલ

# વડોદરા શહેરમાં ૨૯ વર્ષીય યુવકનું હાર્ટ અટેકથી મોત

## કરણને ગત શનિવારે છાતીમા દુઃખાવો ઉપડતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો

। વડોદરા, તા.૩૦ ।

રાજ્યમાં હાર્ટ અટેકથી મોતના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. વડોદરામાં વધુ એક યુવાનનું હાર્ટ અટેકના કારણે મોત થયું છે. ૨૯ વર્ષીય કરણ પવારનું હાર્ટ અટેકથી મોત થયું હતું. કરણ પવાર સ્કૂલ વાન ચલાવતો હતો. કારેલીબાગના અશોક વાટીકામાં રહેતા કરણને ગત શનિવારે છાતીમા દુઃખાવો ઉપ ડતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે એસ. એસ.જી.હોસ્પિટલ પહોંચતા મોત થયુ હતું. અગાઉ પવારની હાથની નસો ખેંચાતા સારવાર કરાવી હતી. લો બ્લડ પ્રેશરના કારણે નસો ખેંચાવાની સમસ્યા થઈ હતી.

અન્ય એક ઘટનામાં વડોદરાના યુવાનનું કુવૈતમાં હાર્ટ અટેકથી મોત થયું હતું. કુવૈતમાં ૪૦ વર્ષીય પ્રકાશ ચૌહાણ નામના યુવાનનું હાર્ટ અટેકથી મોત થયું હતું. તેને કુવૈતમાં દરજી કામ સમયે હાર્ટ અટેક આવ્યો હતો. યુવકના મોતથી પરિવારમાં શોકનો માહોલ ફેલાયો હતો. પાટણમાં પણ હાર્ટ અટેકના કારણે એકનું મોત થયું હતું. ચાણસ્માના રણાસણ ગામના મહિલા સરપંચના પતિનું હાર્ટ અટેકના કારણે મોત થયું હતું. ૫૮ વર્ષીય કાનજીભાઈ પરમાર સિદ્ધપુર ખાતે તેમની દીકરીને ત્યાં ગયા હતા ત્યારે આ ઘટના બની હતી. કાનજીભાઈનાં આકસ્મિક અવસાનથી રણાસણ ગામમાં શોકનો માહોલ સર્જાયો હતો. ગુજરાતમાં હાર્ટ એટેકના બનાવોમાં યુવાનોના મોત થવાની ઘટનાઓ સતત પ્રકાશમાં આવી રહી છે.

## અસલાલી પોલીસ દ્વારા શારદા સ્કૂલના સંચાલકની ધરપકડ

। અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદના પાલડી કાંકજ ગામમાં સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના ગેરકાયદેસર પ્રવેશ અને હાજરી મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે. જ્યાં અસલાલી પોલીસે સંદીપ બ્રહ્મભટ્ટ નામના ખાનગી શાળાના સંચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી તેની ધરપકડ કરી લીધી છે. જોકે આ કેસમાં સંડોવાયેલ સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય આરોપી જીગ્નેશ સથવારા હજુ ફરાર છે.

શહેરના દસ્ક્રોઈ તાલુકાના પાલડી કાંકજ ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળા અને પાસે આવેલ શારદા સ્કૂલમાં વિદ્યાર્થીઓને ભણાવવા અને હાજરી પુરવા બાબતે સામે આવેલ વિવાદને લઈને અસલાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ છે.

### ભાવનગરમાં વહેલી સવારે ખેલાયો લોહિયાળ જંગ

# બે શખ્સોએ ઘા ઝીંકી વેપારી ને મોતને ઘાટ ઉતારી દીધો

## વેપારી સવારે ઘરેથી નીકળી ડાયમંડ ચોકમાં આવેલી ન્યુઝ પેપર એજન્સીએ જઈ રહ્યા હતા ત્યારે હુમલો થયો

। ભાવનગર, તા.૩૦ ।

શહેરના મહિલા કોલેજથી ડોન ચોક જવાના રસ્તા પર આવેલ શિવાંગ એક્લેવ ફ્લેટ પાસે વહેલી સવારે બે શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ન્યુઝ એજન્સી ધરાવતા વેપારી ને મોતને ઘાટ ઉતારી દીધો હતો. વેપારીની હત્યાના CC TV સામે આવ્યા છે. શહેરના ડોન ચોક વિસ્તારમાં વહેલી સવારે ૬ આસપાસ ના અરસામાં એક વેપ ારીને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતરતા ચકચાર મચી જવા પામી હતી, વહેલી સવારે ઘરેથી નીકળી ડાયમંડ ચોકમાં આવેલી ન્યુઝ પેપર એજન્સીએ જઈ રહ્યા હતા, ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેને આંતરી તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દીધા હતા. ન્યૂઝ પેપર એજન્સી ધરાવતા પેપર એજન્ટની હત્યા કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો તેમજ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આશેર ૬૩ વર્ષીય આધેડ પ્રકાશ રેલીયા નામના વેપારીની કરપીણ હત્યા કરી શખ્સો ફરાર થઈ ગયા હતા.

# બિનઅધિકૃત પાર્કિંગ મુદ્દે ૪૧૦ રહેણાંક -૫૦૧ કોમર્શિલય એકમને નોટિસ અપાઈ

। અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાત હાઈકોર્ટે બિસ્માર રોડ, રખડતા ઢોર અને પાર્કિંગ મુદ્દે અમદાવાદ મહાનગર પાલિકા સહિત રાજ્ય સરકારની નબળી કામગીરી પર આકરું વલણ બતાવ્યું છે, ત્યારે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા હાઈકોર્ટના આદેશ અને પાર્કિંગ પોલિસી અંતર્ગત ૪૧૦ રહેણાક મકાન અને ધંધાકીય એકમ મળી કુલ ૯૧૧ એકમને નોટિસ ઈશ્યુ કરવામાં આવી છે. જાહેર રસ્તા પર આડેધડ પાર્કિંગ કરનાર વાહન પણ લોક કરી ૯ હજારનો દંડ વસુલાત કરવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ અમદાવાદ મહાનગર પાલિકાના દક્ષિણ પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા જાહેર રસ્તા પર રહેલા ગેરકાયદેસર પાર્કિંગ મુદ્દે કડક કાર્યવાહી હાથ ધરાઈ હતી. ઈસ્કોન ચાર રસ્તાથી ઉજાલ સર્કલ સુધીના એસજી હાઈવે તથા સર્કલ પીથી પ્રહલાદનગર ગાર્ડન ચાર રસ્તા થઈ શ્યામલ ચાર રસ્તાથી કેનયુગ સુધીના ટીપી રોડ પર રહેલા ૨૮ નાના મોટા દબાણો દૂર કરાયા હતા. કેનયુગ ચાર રસ્તાથી રાહુલ ટાવર સુધીના રોડ પર આવેલા રહેણાંક મિલકત તેમજ કોમર્શિયલ માલિકો તથા જાહેર જનતા દ્વારા બિનઅધિકૃત રીતે પાર્કિંગ થયેલ જણાતા રોડ પાર્કિંગ ન થાય તેમજ માર્જીન પૈકીની જગ્યાઓમાં દબાણ ન થાય તે અંગે જરૂરી વ્યવસ્તા કરવા સંબંધી માલિક, ચેરમેન, સેક્રેટરી એમ રહેણાંકના ૪૧૦ અને કોમર્શિલયના ૫૦૧ મળી કુલ ૯૧૧ યુનિટને જાહેર નોટિસ અપાઈ હતી.

# ચોરે પોલીસનું લેપટોપ ચોર્યુ ને પાચ હજારમાં વેચી માર્યુ

## સુરત શહેરમાં પોલીસ તંત્ર હવે સુરક્ષિત નથી, તેવુ લાગી રહ્યું છે, શહેરના વરિયાવ પોલીસ ચોકીમાં ચોર ત્રાટક્યા છે

। સુરત, તા.૩૦ ।

નાગરિકની સુરક્ષાની વાતો કરતી પોલીસ પણ હવે સુરક્ષિત નથી, આનુ ઉદાહરણ આજે સુરતમાંથી સામે આવ્યુ છે. સુરતમાં વરિયાવ પોલીસ ચોકીમાં જ ચોર ત્રાટક્યા છે. માહિતી પ્રમાણે, અહીં કાદીર શેખ નામના ચોરે પોલીસ ચોકીમાં ઘૂસીને પોલીસનું જ લેપટૉપ અને રસીદની બેગની ઉઠાંતરી કરી હતી, આ પછી આ લેપટૉપને વેચી પણ મારવામાં આવ્યુ હતુ. મળતી માહિતી પ્રમાણે, સુરત શહેરમાં પોલીસ તંત્ર હવે સુરક્ષિત નથી, તેવુ લાગી રહ્યું છે. શહેરના વરિયાવ પોલીસ ચોકીમાં ચોર ત્રાટક્યા છે. જ્યારે પોલીસ પેટ્રૉલિંગ કરી રહી હતી, ત્યારે ધોળેદહાડે કાદીર શેખ નામના ચોરે વરિયાવ ચોકીમાં ચોરી કરી હતી, ચોરે ચોકીમાં ઘૂસ્યા બાદ કબાટમાંથી લેપટૉપ અને દંડની રસીદની બેગ ચોરી કરી હતી, આ પછી ચોર કાદીર શેખે પોલીસના આ લેપટૉપને ૫ હજાર રૂપિયાની કિંમતમાં એક રિક્ષાચાલકને વેચી માર્યુ હતુ. વળી ચોરે ચોરીનું લેપટોપ ૫ હજારમાં રિક્ષાચાલકને વેચી માર્યુ હતું. વરિયાવ પોલીસ ચોકી શહેરના જહાંગીરપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે.

**વિશેષ** સરકારે મહિલાશક્તિના નેતૃત્વ અને માતૃશક્તિના સામર્થ્યને જોડીને વિકાસને નૂતન ગતિ આપી છે

# મહેસાણા જિલ્લાના ડભોડા ખાતેથી રૂપિયા ૫,૯૫૦ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ ખાતમુહૂર્ત

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહેસાણા જિલ્લાના ડભોડા ખાતેથી રૂા. ૫,૯૫૦ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ ખાતમુહૂર્ત કરતા જણાવ્યું હતુ કે આજે ભારતના શક્તિ સામર્થ્યનો વિશ્વને પરિચય મળી રહ્યો છે. આજે ભારતના વિકાસની ચર્ચા પૂરી દુનિયામાં થઈ રહી છે તેના મૂળમાં પ્રત્યેક ભારતીયનો વિકાસ પુરુષાર્થ રહેલો છે. તેમણે જણાવ્યું હતુ કે દુનિયાનો કોઈ દેશ નથી પહોંચ્યો એવી જગ્યાએ ચંદ્રની ધરતી પર પહોંચીને ભારતે પોતાની શક્તિનો પરિચય વિશ્વને આપ્યો છે. જી-૨૦ નું યજમાનપદ સ્વીકાર્યા બાદ ભારતભરમાં એની ચર્ચા થઈ એટલું જ નહીં વૈશ્વિક પ્રતિનિધિઓએ ભારતના વૈભવ-વારસાનો તેમજ દેશની ક્ષમતા-સામર્થ્યનો પરિચય મેળવ્યો છે.




એક સે બઢકર એક આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણથી ભારત વિકાસ પથ પર વધુ તીવ્ર ગતિથી આગળ વધી રહ્યું છે. સરકાર જે સંકલ્પ લે છે તે અવશ્ય પૂર્ણ કરે છે તેમ સ્પષ્ટ જણાવતા પ્રધાનમંત્રીશ્રી એ ઉમેર્યું હતુ કે કેન્દ્ર અને રાજ્ય સરકારે જનજનની સુખાકારી માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે મોટું અભિયાન ઉપાડ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ઉત્તર ગુજરાતની મુલાકાતને પરિવારજનોના દર્શનનો અને વતનની માટીનું ઋણ ચૂકવવાના અવસર રૂપ ગણાવી જણાવ્યું હતુ કે આજે જે વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત-લોકાર્પણ થઈ રહ્યા છે તે આ વિસ્તારના વિકાસને નવી ઊંચાઈ પ્રદાન કરશે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતની કાયાકલ્પ માટે અનેકવિધ વિકાસ પ્રકલ્પોને સાકાર કર્યા છે. અગાઉ ઉદ્યોગ અને રોજગાર વિહોણા પ્રદેશની ઓળખ ધરાવતા ઉત્તર ગુજરાતનો પ્રદેશ આજે ઉદ્યોગ- રોજગારથી ધમધમતો બન્યો છે. અહીંના ડેરી ક્ષેત્રના વિકાસથી માતૃશક્તિના સહયોગ અને સહકારથી સમૃદ્ધિ દ્વારા દેશને પ્રેરણા આપી છે.

શ્રેષ્ઠ વિકાસના મૂળમાં સ્થિર સરકાર હોવાનું જણાવતા પ્રધાનમંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે પૂર્ણ બહુમતી વાળી સ્થિર સરકારથી ગુજરાતે વિકાસના નવા આયામો હાંસલ કર્યા છે. હવે દેશમાં સ્થિર અને પૂર્ણ બહુમતી વાળી સરકારના કારણે આજે ભારતનો વૈશ્વિક વિકાસ થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રીશ્રીએ આઝાદીના જંગમાં આદિવાસી નેતૃત્વ પૂરું પાડનારા શ્રી ગોવિંદ ગુરુની પુણ્યતિથિ ના અવસરે તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમજ ૩૧ ઓક્ટોબર સરદાર પટેલ જયંતિના અવસરે તેમણે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ પાઠવી જણાવ્યું હતું કે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા આવનારી પેઢી ઊંચા મસ્તકે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ પાઠવી તેમના જીવન કવન પરથી રાષ્ટ્રભક્તિ અને એકતાની પ્રેરણા મેળવશે. પ્રધાનમંત્રીશ્રીએ મા અંબાના ચરણોમાં આશીર્વાદ મેળવવાનો આનંદ વ્યક્ત કરી અંબાજી યાત્રાધામના વિકાસ અને રાજ્યભરમાં સ્વચ્છતાના અભિયાન દ્વારા પ્રેરક કાર્ય કરવા બદલ રાજ્ય સરકાર અને રાજ્યના નાગરિકોને અભિનંદન પણ પાઠવ્યા હતા. ગુજરાતના શ્રેષ્ઠ અને ઝડપી વિકાસ પાછળ બે દાયકાનો પુરુષાર્થ છે તેમ જણાવતા પ્રધાનમંત્રીશ્રી એ ઉમેર્યું હતું કે આજના વિકાસ પ્રકલ્પો ઉત્તર ગુજરાતની જાહોજલાલીને નવા શિખર પર પહોંચાડશે. કેન્દ્ર અને રાજ્ય સરકારે આ પ્રદેશના જન-જનના વિકાસ માટે સંકલ્પ લીધો છે અને આ સંકલ્પની સિદ્ધિ માટે કનેક્ટિવિટીના નિર્માણ પર જોર આપ્યું છે. તેમણે જણાવ્યું હતુ કે ડેડીકેટેડ ફ્રેટ કોરિડોરથી ગુજરાતના બંદરો સુધી રેલ્વે લાઈન પહોંચશે અને માલ પરિવહન ક્ષેત્રે ક્રાંતિ આવશે. પીવાના પાણી, સિંચાઈ, કૃષિ, ગ્રામ વિકાસ અને ઔદ્યોગિક વિકાસ જેવા ક્ષેત્રો પર ભાર મૂકીને ઉત્તર ગુજરાતમાં ઘર આંગણે રોજગારનું સર્જન થાય તે માટે સરકારે આયોજન કર્યું છે. જેના કારણે ઉત્તર ગુજરાતમાં ઉદ્યોગો ધમધમી રહ્યા છે. માં નર્મદાનું પાણી ઘર-ઘર અને ખેતરે-ખેતરે પહોંચવાથી કૃષિ વિકાસને નવું જોમ મળ્યું છે.

ઉત્તર ગુજરાતમાં ૨૦-૨૨ વર્ષથી સિંચાઈનો વ્યાપ ખૂબ જ વધી ગયો છે, એવું કહી તેમણે ઉમેર્યું હતું કે, મનેએ વાતનો આનંદ છે કે, આપણે ટપક સિંચાઈ, સૂક્ષ્મ સિંચાઈ અને નવી ટેકનીકથી ગુજરાતના ખેડૂતો ખેતી કરી રહયા છે. અને ગુજરાતનો એક એક જિલ્લો ટપક સિંચાઈ અને સૂક્ષ્મ સિંચાઈને વરી ગયો છે. આજે બનાસકાંઠા જિલ્લો સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો એક ઉમદા દ્રષ્ટાંત બની ગયો છે. ઉત્તર ગુજરાતનો કિસાન મુશ્કેલીમાં જીવતો હતો અને મુશ્કેલીમાં પોતાના પાકની લરણી કરતો હતો. તે કિસાન આજે તે પરિસ્થિતિમાંથી બહાર આવીને રોકડિયા પાકની ખેતી કરવા લાગ્યો છે. વરિયાળી,જીરૂ અને ઈસબગુલ એ વિશ્વભરમાં ગુજરાતની ઓળખ કરાવે છે. દુનિયામાં કોરોના બાદ આપણી હળદર અને ઈસબગુલની ચર્ચા થઈ હતી. દેશનું ૯૦ ટકા ઈસબગુલનું પ્રોસેસિંગ ગુજરાતમાં થઈ રહ્યું છે. આજે ઉત્તર ગુજરાતમાં શાકભાજી, બટાકા, કેરી, આમળા, લીંબુ જેવા અનેક પાકોનું વાવેતર થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, નોર્થ ગુજરાતના બટાકા આજે દુનિયામાં મસહૂર થઈ ગયા છે અને એક્સપોર્ટ ક્વોલિટીના બટાકા ગુજરાતમાં ઉત્પાદન થઈ રહ્યા છે. ડીસાના બટાટા અને ઓર્ગેનિક બટાકાની વિશ્વ કક્ષાએ માગ બની રહી છે. બટાટાને પ્રોસેસિંગ કરવાના પ્લાન્ટો પણ આજે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં બની રહ્યા છે, જેનો લાભ આજે બટાકા પકાવતા ખેડૂતોને થઈ રહ્યો છે. મહેસાણામાં એગ્રો ફૂડ પ્લાન્ટ બનાવ્યા બાદ બનાસકાંઠામાં પણ મેગા ફૂડ પ્લાન્ટ બનાવવાનો પ્લાન્ટ નું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ઉત્તર ગુજરાતમાં આજથી થોડાક વર્ષો પહેલા બહેનો અને માતાઓ લાંબુ અંતર કાપ્યા બાદ પાણી મેળવી રહી હતી. જ્યારે આજે નલ સે જલ યોજના થકી ઘરે ઘરે નળમાં પાણી આવી રહ્યું છે.



### મેચ પછી કુલદીપે જાહેર કરી કેપ્ટનની બહુ મોટી ભૂલ

# હું રોહિતભાઈને કહેતો રહ્યો પણ તે માન્યા નહીં : કુલદીપ યાદવ

### ભારતીય ખેલાડીઓ રિવ્યુ વિશે વિચારતા રહ્યા અને બાદમાં ખબર પડી કે લિવિંગસ્ટન આઉટ થઈ ગયો છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતીય ટીમે વર્લ્ડ કપમાં જીતની સિક્સ ફટકારતાં સતત છઠ્ઠો વિજય મેળવ્યો છે. ઈંગ્લેન્ડ સામે, ભારતની બેટિંગ ખરાબ જોવા મળી હતી અને કોઈક રીતે ટીમ ૨૨૯ના સાધારણ કહી શકાય એવા સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી. પરંતુ બોલરોના ચમત્કારે ઈંગ્લેન્ડને હચમચાવી દીધું હતું. પછી તે પેસરો હોય કે સ્પિનરો, તમામે વટ રાખ્યો હતો અને ભારતનાં વિજયરથને અટકવા દીધો નહોતો. ભારતના ફાસ્ટ બોલરોએ આ મેચમાં સારી શરૂઆત કરી અને પછી વહેતી ગંગામાં હાથ ધોઈ લીધા હતા.

કુલદીપ યાદવે બે કરિશ્માયુક્ત કહી શકાય એવા શાનદાર બોલથી બે બેટ્સમેનોને પેવેલિયનભેગા કરી દીધા હતા. પરંતુ મેચ બાદ તેણે રોહિત શર્માની મોટી ભૂલનો પર્દાફાશ કર્યો. કુલદીપ યાદવ વર્લ્ડ કપમાં શાનદાર ફોર્મમાં જોવા મળ્યો હતો. અત્યાર સુધી તેણે ૬ મેચમાં ૧૦ વિકેટ ઝડપી છે. કુલદીપે ઈંગ્લેન્ડ સામે બે વિકેટ ઝડપી હતી. પરંતુ મેચ પછી, જ્યારે તેણે એ બોલનો ખુલાસો કર્યો હતો કે જ્યારે તેણે રોહિત શર્મા પાસેથી રિવ્યુ માંગ્યો હતો.કુલદીપ યાદવે શાનદાર બોલિંગ કરીને ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર લિયામ લિવિંગ્સ્ટનને આઉટ આપવા માટે જોરદાર અપીલ કરી હતી. ભારતીય ખેલાડીઓ રિવ્યુ વિશે વિચારતા રહ્યા અને બાદમાં ખબર પડી કે લિવિંગ્સ્ટન આઉટ થઈ ગયો છે. મેચ બાદ વાત કરતા કુલદીપે કહ્યું હતુ કે, 'અમારો એક રિવ્યુ વ્યર્થ ગયો. હું રોહિતભાઈને કહેતો રહ્યો કે તે આઉટ હોવાથી રિવ્યુ લઈ લે પણ તેમણે ન લીધો. રોહિતે કુલદીપની વાત માની લીધી હોત તો લિયામ લિવિંગ્સ્ટન પહેલા આઉટ થઈ ગયો હોત અને ઘરભેગો થઈ ગયો હોત અને મેચ જલ્દી પતી ગઈ હોત. આજે ફરીથી તક મળતા જ ટીમ ઈન્ડિયાના અનુભવી બોલર મોહમ્મદ શમીએ સૌથી ખતરનાક બોલિંગ કરી હતી. બે મેચ બાદ તેની બોલિંગને જોતા કહી શકાય કે જો તે પ્રથમ ચાર મેચમાં હોત તો આ વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં તે ટોપ પર જોવા મળ્યો હોત. શમીએ ગત મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ૫ વિકેટ લીધી હતી. આ સાથે જ તેણે ઈંગ્લેન્ડ સામે ૪ વિકેટ ઝડપી હતી. આ રીતે શમીએ બે મેચમાં ૯ વિકેટ પોતાના નામે કરી લીધી છે. ભારત માટે વર્લ્ડ કપમાં અત્યાર સુધી સૌથી વધુ વિકેટ લેનારા બોલરોમાં સ્ટાર બોલર જસપ્રિત બુમરાહ ટોપ પર છે. બુમરાહે ૬ મેચમાં ૧૪ વિકેટ લીધી હતી. ઈંગ્લેન્ડ સામે પણ બુમરાહની ખતરનાક બોલિંગ જોવા મળી હતી. તેણે ૩ મહત્વની વિકેટ પોતાના નામે કરી હતી.



### ભારતે ઈંગ્લેન્ડને ૨૦ વર્ષ બાદ વર્લ્ડકપમાં હરાવ્યું

# રોહિત નિસ્વાર્થ, સદીનું ઝનૂન નથી, નહિતર ૪૦-૪૫ સદી ફટકારી હોત

### ગંભીરના આ નિવેદનને ફેન્સ કોહલી સાથે જોડી રહ્યા છે, ફેન્સનું માનવું છે કે ગંભીરે કોહલીને ટોણો માર્યો છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ગઈકાલે રમાયેલી મેચમાં ભારતે ૨૦ વર્ષ પછી ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. આ મેચ દરમિયાન ઘણું બધું જોવા મળ્યું હતું. એક તરફ જ્યાં ભારતીય બેટ્સમેનોએ નિરાશ કર્યા તો બીજી તરફ ભારતીય ટીમના બોલરોએ ટીમને જીત અપાવી હતી. આ મેચમાં રોહિત શર્માએ ૮૭ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. ભારતીય ટીમના પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરે એક ચેનલ સાથે વાતચીત દરમિયાન રોહિત શર્માની આ શાનદાર ઈનિંગના વખાણ કર્યા હતા. પરંતુ તેણે વાતચીત દરમિયાન વિરાટ કોહલી પર નિશાન સાધ્યું હતું. ગંભીરે વિરાટ કોહલી પર આડકતરી રીતે કટાક્ષ કર્યો હતો. હવે ગંભીરનું આ નિવેદન ખુબ ચર્ચામાં આવી ગયું છે.

ભારતીય ટીમના પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં રોહિતની બેટિંગના વખાણ કર્યા હતા. પરંતુ આ દરમિયાન તેણે ભારતીય ટીમના સ્ટાર બેટર વિરાટ કોહલી પર નિશાન સાધ્યું હતું. ગંભીરે કહ્યું હતું કે, રોહિત શર્માએ અત્યાર સુધીમાં ૪૦-૪૫ સદી ફટકારી દીધી હોત, પરંતુ તેને સદીઓનું ઝનૂન નથી. તે નિઃસ્વાર્થ છે.' ગંભીરના આ નિવેદનને ફેન્સ વિરાટ કોહલી સાથે જોડી રહ્યા છે. ફેન્સનું માનવું છે કે ગંભીરે કોહલીને ટોણો માર્યો છે.

રોહિત શર્માએ ઈંગ્લેન્ડ સામે ૧૦૧ બોલમાં શાનદાર ૮૭ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૧૦ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા. રોહિતે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૩૯૮ રન બનાવ્યા છે. જેમાં તેણે ૧ સદી અને ૧ ફિફ્ટી ફટકારી છે. વનડેમાં રોહિતના નામે ૩૧ સદી છે. જયારે વિરાટ કોહલીની વાત કરીએ તો તેણે બાંગ્લાદેશ સામે વનડે કરિયરની ૪૮મી સદી ફટકારી હતી અને ન્યુઝીલેન્ડ સામે તેણે ૯૫ રન બનાવ્યા હતા. પરંતુ ઈંગ્લેન્ડ સામે તે શૂન્યના સ્કોર પર આઉટ થઈ ગયો હતો.

# વર્લ્ડ કપમાં ૫૯ વિજય સાથે ભારત સૌથી વધુ વિજય મેળવવામાં બીજા ક્રમે

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ગઈકાલે વન-ડેવર્લ્ડ કપ ૨૦૨૩માં રમાયેલી મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૧૦૦ રનથી હરાવ્યું હતું. ભારતે અત્યાર સુધી વન-ડેવર્લ્ડ કપ ૨૦૨૩માં કુલ ૬ મેચ રમી છે અને તમામ ૬ મેચમાં જીત મેળવી છે. આ જીત સાથે જ ભારત પોઈન્ટ્સ ટેબલ પર ટોપ પર આવી ગયું છે. પોઈન્ટ્સ ટેબલ પર પ્રથમ સ્થાન મેળવવાની સાથે ભારતે એક વર્લ્ડ કપના ઈતિહાસમાં એક નવો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે.

ભારતે ઈંગ્લેન્ડને ૧૦૦રનથી હરાવ્યા બાદ તે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ મેચ જીતનાર બીજી ટીમ



બની ગઈ છે. ભારતે ન્યુઝીલેન્ડને પાછળ છોડી દીધું છે. ભારતે વર્લ્ડ કપમાં કુલ ૫૯ મેચ જીતી છે. ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ જીતનાર ટીમની લીસ્ટમાં પહેલા નંબરે છે. ઓસ્ટ્રેલિયાની ટીમે વર્લ્ડ કપની ૭૩ મેચ જીતી છે. ત્યારબાદ આ લીસ્ટમાં ભારતનું નામ છે જેણે ૫૯ મેચ જીતી છે. જયારે ન્યુઝીલેન્ડે ૫૮ વર્લ્ડ કપ મેચ જીતી છે.

ભારત સામે મેચ હાર્યા બાદ ઈંગ્લેન્ડની ટીમે પણ એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. ઈંગ્લેન્ડની ટીમ વર્લ્ડ કપના ઈતિહાસમાં પહેલીવાર સતત ચાર મેચ હારી છે. આ પહેલા રમાયેલ વર્લ્ડ કપટુર્નામેન્ટમાં અત્યાર સુધી ઈંગ્લેન્ડ સાથે આવું ક્યારેય થયું નથી. ઈંગ્લેન્ડ હવે સેમિફાઈનલની રેસમાંથી લગભગ બહાર થઈ ચુક્યું છે. ઈંગ્લેન્ડની આગામી ત્રણ મેચ અનુક્રમે ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ્સ અને પાકિસ્તાન સામે છે.

### ઈંગ્લેન્ડને હરાવીને વર્લ્ડ કપમાં ભારત ટોચ પર પહોંચ્યું

# વર્લ્ડ કપમાં મોહમ્મદ શમીને સૌથી વધુ ૩૯ વિકેટ મળી

### વર્લ્ડ કપમાં ૨૦ વિકેટ લેનાર બોલરોમાં મોહંમદ શમીનીએવરેજ૧૪.૦૭અનેસ્ટ્રાઈકરેટ૧૬.૯૭નીછે

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ગઈકાલે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૧૦૦ રનથી હરાવ્યું હતું. આ સાથે જ ભારત તેની છટ્ઠી મેચ જીતી પોઈન્ટ્સ ટેબલ પર ટોપ પર પહોંચી ગયું છે. ભારતની આ જીતમાં ફાસ્ટ બોલરોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જસપ્રીત બુમરાહે ૩ જયારે મોહમ્મદ શમીએ ૪ વિકેટ ઝડપી હતી. આ સાથે જ શમી વનડે વર્લ્ડ કપના ઈતિહાસમાં બેસ્ટ બોલર બની ગયો છે.

મોહમ્મદ શમીએ ઈંગ્લેન્ડ સામે ૭ ઓવરમાં ૨૨ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. આ દરમિયાન શમીએ તેની પહેલી અને ત્રીજી ઓવરમાં સતત ૧૩ ડોટ બોલ ફેંકી ૨ વિકેટ પણ ઝડપી હતી. તેણે પહેલા સ્ટોક્સને અને પછી બેયરસ્ટોને બોલ્ડ કર્યો હતો. શમીએ તેની ૭ ઓવરમાં ૫.૩ ઓવર ડોટ ફેંકી હતી. મોહમ્મદ શમીની આ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં બીજી મેચ હતી. તેણે ૨ મેચમાં કુલ ૯ વિકેટ ઝડપી છે. શમીએ આ ૯ વિકેટ સાથે વન-ડે વર્લ્ડ કપમાં કુલ ૩૯ વિકેટ ઝડપી છે.

શમીએ વર્લ્ડ કપમાં અત્યાર સુધી કુલ ૧૩ મેચ રમી છે. આ ૧૩ મેચમાં જ તે વર્લ્ડ કપ ઈતિહાસનો બેસ્ટ બોલર બની ગયો છે. વર્લ્ડ કપ માં ઓછામાં ઓછી ૨૦ વિકેટ લેનાર બોલરોમાં શમીની એવરેજ ૧૪.૦૭ અને સ્ટ્રાઈક રેટ ૧૬.૯૭ની છે. વર્લ્ડ કપ ઈતિહાસમાં આ કોઈપણ બોલરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

### દુબઈમાં ઓપન ઈન્ટરનેશનલ માસ્ટર્સ એથ્લેટિક્સ યોજાઈ

# અંગદ બેદીએ ૪૦૦ મીટર રેસમાં ગોલ્ડ જીતીને પિતાને સમર્પિત કર્યો

### આ જીત મારા પિતાને સમર્પિત છે. તે હંમેશા કહેતા હતા કે માથું નીચું રાખો અને તમારા કામથી લોકોને જવાબ આપો : અંગદ

। મુંબઈ, તા.૩૦ ।

બોલીવૂડ એક્ટર અંગદ બેદીએ તેના પિતા બિશન સિંહ બેદીના સમ્માનમાં દુબઈમાં આયોજિત ઓપન ઈન્ટરનેશનલ માસ્ટર્સ ૨૦૨૩ એથ્લેટિકસ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મીટર રેસમાં ભાગ લીધો હતો. આ રેસમાં તેણે ગોલ્ડ મેડલ પણ જીત્યો હતો. અંગદે ગોલ્ડ મેડલ જીતીને ઈન્ટરનેશનલ રમતમાં પોતાના કરિયરની શરૂઆત કરી હતી. અંગદના પરિવારની સાથે તેના ફેન્સ પણ તેના પર ગર્વ અનુભવી રહ્યા છે.

અંગદ બેદીએ ૪૦૦ મીટર રેસમાં જીતેલો ગોલ્ડ મેડલ પોતાના પિતા બિશન સિંહ બેદીને સમર્પિત કર્યો હતો. તેણે પોતાના સોશ્યલ મીડયા હેંડલ પર પોસ્ટ કરી લખ્યું, 'આ જીત મારા પિતાને સમર્પિત છે. તે હંમેશા કહેતા હતા કે માથું નીચું રાખો અને તમારા કામથી લોકોને જવાબ આપો. હું હંમેશા તેમની આ વાતથી પ્રેરિત રહ્યો છું. મેં આ રેસ એટલા માટે કરી કારણ કે મને લાગે છે કે મારા પિતા આ ઈચ્છતા હશે. તેમને અને તેમના વારસાને સન્માનિત કરવાની આ મારી રીત છે.'



અમૃતસરમાં શીખ ગુરુ રામદાસની જન્મજયંતિ નિમિત્તે સુવર્ણ મંદિરમાં ભક્તોની ભારે સંખ્યામાં ભીડ જોવા મળી હતી.

### ઈઝરાયેલ નવા હથિયારનો ઉપયોગ કરી શકે છે

# હમાસના આતંકીઓની સુરંગોને બંધ કરવા ઝરાયેલ સ્પોન્ઝ બોમ્બનો ઉપયોગ કરશે

। તેલઅવિવ, તા.૩૦ ।

ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર આવેલ સુરંગોને બંધ કરવા એક નવા હથિયારનો ઉપયોગ કરી શકે તેવી સંભાવના છે. આ હથિયાર એક ખાસ પ્રકારનો બોમ્બ છે જે વાસ્તવિકમાં એક રાસાયણિક બોમ્બ છે. જેમાં કોઈ પણ જાતનો વિસ્ફોટ થતો નથી. પરંતુ આ બોમ્બને એવી રીતે તૈયાર કરવામાં આવ્યો છે કે જયારે તે ફાટે છે ત્યારે તેમાંથી ફીણ નીકળે છે અને તે પથ્થરની જેમ મજબૂત બની જાય છે. પરિણામે આ બોમ્બનો મુખ્ય ઉપયોગ સુરંગોને બંધ કરવા માટે થાય છે.

ઈઝરાયેલ તેના ઈનોવેટિવ હથિયારો માટે વિશ્વભરમાં વિખ્યાત છે. ગાઝા પટ્ટીમાં હમાસના આતંકીઓની સુરંગો તે આ સ્પૉન્ઝ બોમ્બ દ્વારા બંધ કરશે તેવી સંભાવના જણાઈ રહી છે. ઈઝરાયેલી સૈન્ય માટે સૌથી મોટો પડકાર એ છે કે હમાસના આતંકીઓ આવી સુરંગોનો ઉપયોગ કરીને જ છુપાઈને હુમલાઓ કરે છે. આ પ્રકારની ગોરિલા યુદ્ધ પદ્ધતિ ઈઝરાયેલ માટે ખતરો બની રહી છે. ઘણા રીપોર્ટમાં એવો દાવો કરાયો છે કે હમાસ આ સુરંગોમાં તેમના હથિયારો છુપાવે છે. ઈઝરાયેલ માટે ગ્રાઉન્ડ એટેક બાદ આ સૌથી મોટું કામ છે કે તે આ પ્રકારની સુરંગોને બંધ કરે. જો કોક્રીટ અને સિમેન્ટના ચણતર દ્વારા સુરંગોને બંધ કરવામાં આવે તો તેમાં વધારે સમય અને ખર્ચ થાય છે માટે ઈઝરાયેલ દ્વારા સ્પૉન્ઝ બોમ્બ નામનું એક હથિયાર તૈયાર કરવામાં આવ્યું છે જેનાથી સરળતાથી તે હમાસના આતંકીઓને આગળ વધતા અટકાવી શકે છે.

સ્પૉન્ઝ બોમ્બ પ્લાસ્ટિકની બેગમાં હોય છે. જેમાં બે અલગ અલગ કેમિકલ હોય છે. આ કેમિકલને મેટલ પ્લેટ અથવા સળિયા જેવી ધાતુથી અલગ રાખવામાં આવે છે. જેવી આ ધાતુ વચ્ચેથી દૂર થાય છે કે તરત જ રસાયણો એકબીજાના સંપર્કમાં આવી પ્રતિક્રિયા કરીને ફીણવાળું પ્રવાહી મિશ્રણ બનાવે છે.

### વાયરલેસ ઈયરબડ અને હેડફોનનો ઉપયોગ વધ્યો

# ગુગલે ઇયરબડ્સ- હેડફોનથી હૃદયના ધબકારા જાણી શકાય એવી ટેક્નોલોજી વિકસાવી

। નવી દિલ્હી, તા.૩૦ ।

વાયરલેસ ઈયરબડ અને હેડફોનનો ઉપયોગ દિવસેને દિવસે વધી રહ્યો છે. લોકો મીટિંગ, મેટ્રો, બસ સહિત દરેક જગ્યાએ આ ગેજેટ્સનો ઉપયોગ કરી રહ્યા છે. હિયરેબલ ગેજેટ્સના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને, ગૂગલે એક ટેક્નોલોજી વિકસાવી છે જેની મદદથી ઈયરબડ્સ અને હેડફોન દ્વારા હૃદયના ધબકારા જાણી શકશો. એટલે કે, મ્યુઝિક સાંભળવાની સાથે, તમે તમારા સ્વાસ્થ્યની સ્થિતિ પણ જાણી શકશો. આઈએએનએસના અહેવાલ મુજબ, ગૂગલના વૈજ્ઞાનિકોએ ઑડિયોપ્લેથિસ્મોગ્રાફી (એલપીજી)નું સફળ પરીક્ષણ કર્યું છે. આમાં, અલ્ટ્રાસાઉન્ડની મદદથી વ્યક્તિના હૃદયના ધબકારા સાંભળવામાં આવે છે. સારી વાત એ છે કે આ માટે કોઈ વધારાના સેન્સરની જરૂર નથી, તેથી સાંભળી શકાય તેવી બેટરી પર કોઈ અસર થતી નથી. ગૂગલના વૈજ્ઞાનિકોએ ૧૫૩ લોકો પર આ અભ્યાસ કર્યો અને લગભગ ૨ રાઉન્ડ પછી આ અનુભવ શેર કર્યો. સ્ટડી મુજબ, એપીજીસતત સચોટ હાર્ટ રેટ અને હાર્ટ રેટ વેરિએબિલિટી માપ મેળવે છે એટલે કે તેમાં બહુ ભૂલ નથી.

ગૂગલના બ્લોગપોસ્ટ અનુસાર, કંપનીએ કહ્યું કે અમે લેટેસ્ટ એક્ટિવ ઈન-ઈયર હેલ્થ સેન્સિંગ પદ્ધતિ રજૂ કરી છે. એપીજીવધારાના સેન્સર ઉમેર્યા વિના અથવા બૅટરી સાથે સમાધાન કર્યા વિના, વપરાશકર્તાઓના હાર્ટ રેટ અને હાર્ટ રેટ વેરિએબિલિટી જેવા શારીરિક સંકેત પર દેખરેખ રાખવા માટે એએનસીસાંભળવા યોગ્ય બનાવે છે. ઑડિઓપ્લેથિસ્મોગ્રાફી થ્રેશોલ્ડની નીચે ૮૦ડીબીમાર્જિન સાથે સલામતી નિયમોનું પાલન કરે છે અને સીલની સ્થિતિથી પ્રભાવિત નથી. એપીજીકોઈપણ ટ્રૂ વાયરલેસ સ્ટીરિયો (ટીડબલ્યુએસ) એક્ટિવ નોઈઝ કેન્સલિંગ હેડફોનને એક સરળ સોફ્ટવેર અપગ્રેડ સાથે સ્માર્ટ સેન્સિંગ હેડફોનમાં બદલે છે.

## તંત્રી લેખ...

# ઇઝરાયલ-હમાસ યુદ્ધ

ગાઝા પ્રદેશમાં આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાઈલ ઉપર કરેલ હુમલા બાદ યુદ્ધની જે સ્થિતિ ઉભી થઇ છે, એના માટે સમગ્ર વિશ્વના નાગરિકોમાં ચિંતાનો માહોલ છે. ભારત પણ પાડોશી રાષ્ટ્રની આતંકવાદી પ્રવૃત્તિને ટેકો આપવાની નીતિથી પરેશાન છે, ભારત પાડોશી રાષ્ટ્ર સાથે યુદ્ધ પણ કરી ચૂક્યું છે. ત્યારે આજે ફરી એક વખત ભારતે આપેલ અહિંસાના મહામંત્ર સાથે જ વિશ્વ શાંતિના માર્ગ ઉપર આગળ વધી શકાય છે તેમ સમગ્ર વિશ્વ અનુભવે છે. જગતના રાજનીતિજ્ઞો વિશ્વ શાંતિ માટે ઈચ્છુક હોય એ બધા ટોચથી નીચે જવાની યોજનાઓ ઉપર વિચાર કરે છે. જયારે ભારતના અહીંસાના નિયમો પાયાથી શરૂ કરી તે ઉપર ચણતર કરવાનું કામ કર્યું છે. આદર્શ સમાજ વ્યવસ્થા માટે દુનિયામાં અનેક મહાપુરૂષો અને ચિંતકોએ મથામણ કરી છે. એ માટે જુદી જુદી પધ્ધતિઓ, ઉકેલો અને ઉપાયો પણ એમના દ્રારા મુકવામાં આવ્યા છે. આપણું એ સદનસીબ છે કે આપણી પાસે મહાત્મા ગાંધી જેવી પ્રચંડ પ્રતિભા છે જેમણે તમામ સમસ્યાઓ ઉપર મૌલિક ચિંતન કરી એના ઉકેલની દિશા આપી છે. અને એ મૂળ ગાંધી વિચારધારાના પાયામાં ગામડાનો ઉત્કર્ષ એ મુખ્ય બાબત છે. દેશનો આત્મા ખેડૂત કે ગ્રામ્ય કારીગર છે. આત્મનિર્ભર ગામ થકી જ દેશ સાચા અર્થમાં સ્વરાજની અનુભૂતિ કરી શકશે. મહાત્મા ગાંધીએ ગામડાના અર્થતંત્ર અને વ્યકિતના ગૌરવ વિશે જે લેખો લખ્યા છે, જેમાં ઊંડું ચિંતન અનુભવાય છે. એની પાછળનો એમનો આશય દેશનો સામાન્ય નાગરિક પણ ગૌરવપૂર્ણ રીતે જીવી શકે અને આઝાદીનો સાચા અર્થમાં અહેસાસ કરી શકે એ જણાય છે. દરેક ગામનું પોતાનું એક આગવું બંધારણ અને સામાજિક સહભાગીતાની સાથે દરેકને માટે કોઈને કોઇ કામ હુન્નર કે વ્યવસાય નકકી કરવા સાથે શ્રમનો મહિમા રહ્યો છે. માણસ એના ધંધા રોજગાર કે સંપત્તિથી નહીં પણ એનાં ઉચ્ચ મૂલ્યો અને સંસ્કાર થકી ઉચ્ચતમ ઓળખ પામી શકે છે. આજે ટેકનોલોજિકલ ઉપલબ્ધિઓને કારણે ખેતી અને પશુપાલન જેવા ગામડાઓને ભરપુર રોજગારી આપતા વ્યવસાયોને બદલે ઉદ્યોગો અને કારખાનાઓને પ્રાધાન્ય આપવા માંડયું. એમાં વિદેશોનું અનુકરણ અને દેખાદેખી જ મુખ્ય છે. આ દોડમાં આપણે આડેધડ ઔદ્યોગીકરણ કરતા રહ્યા અને એ રીતે ગામડાઓની જગ્યાએ મોટાં મોટાં શહેરો અસ્તિત્વમાં આવવા માંડયાં છે, જે શહેરીકરણ થકી દેશની કરોડરજ્જુ સમાન ગામડાઓ તૂટતાં જાય છે અને જાણેઅજાણે એક પરાવલંબી સમાજરચના ઉભી થયાનો અફસોસ પણ આજે જાણે કોઈ ને જ નથી. ખેતી અને પશુપાલન જે રીતે માણસને આનંદ સાથે રોટલો રળવાની ઘરઆંગણે તક આપી શકે એવી શકયતા ફેકટરીઓનાં પ્રદૂષણ અને શહેરી ઘોંઘાટ અને ગીચતા ના જ આપી શકે એ સ્વાભાવિક છે. આમછતાં આધુનિક ઉદ્યોગીકરણ વિશે આપણા વિચારો જૂનાપુરાણા હોવાનું માનવું પણ ભૂલભરેલું છે. ગામડું એ દેશ માટે પાયાનો એકમ છે એની ઉપર જ આખા દેશની ઈમારત અડીખમ રીતે ઉભી કરી શકાય એ વારંવાર સ્પષ્ટ થયેલ બાબત છે. સ્વરાજ એટલે વ્યકિતનું આત્મગૌરવ. ગ્રામ ઉદ્યોગના કામનો પ્રારંભ પોતાની જાતથી આરંભ કરવાથી હોય છે. પોતાની જાતથી શરૂઆત કરનાર જ આ વિચારોને સમજી શકશે.

## સરકારી સ્કૂલોની સતત ઘટતી સાખ

છત્તીસગઢમાં સ્વામી આત્માનંદ શાસકીય ઉત્કૃષ્ટ વિદ્યાલય સ્થાપિત કરાઈ રહી છે. અંગ્રેજી માધ્યમની આ સ્કૂલોમાં શિક્ષકોની નિયુક્તિ કોન્ટ્રાકટના આધારે થવાની છે. નિયુક્તિ બાદ તેમને એકસામટું વેતન મળશે અને ભવિષ્યમાં કોઈ પ્રકારના સ્થાયિત્વ કે પ્રમોશનનો લાભ નહીં મળે. આખરે જેને પોતાના ભવિષ્ય પ્રત્યે આશાવાન થવાથી પ્રતિબંધિત કરી દેવામાં આવશે, તે બાળકોમાં પ્રેરણા અને આશાનો સંચાર કેવી રીતે કરશે? વાસ્તવમાં દરેક સ્તર પર નિયમિત અને પ્રશિક્ષિત અધ્યાપક નિયુક્ત કરવાની રાષ્ટ્રની જવાબદારી છે. તેમાં કરવામાં આવેલ કોઈપણ ઢીલ રાષ્ટ્રના ભવિષ્ય પ્રત્યે અન્યાય છે. જાપાન ફરી ઊભું થઈ શક્યું તેમાં તેની નીતિઓ મદદગાર બની હતી, તેમનું અધ્યયન જો ભારતે સમય રહેતાં કરી લીધું હોત તો આજે આપણી જ્ઞાન પૂંજી વિશ્વમાં પ્રથમ સ્થાને આપોઆપ પહોંચી ગઈ હોત. જે વિનાશ અને અપમાનને જાપાને સહન કર્યા હતા, એવા કદાચ જ કોઈ અન્ય દેશે સહન કર્યા હશે. એ સ્તરેથી ઊઠીને ખુદને પુનઃ પ્રતિષ્ઠિત કરી લેવા પાછળ તેની નીતિઓ અને નેતૃત્વનો હાથ હતો. એ પણ ત્યારે જ થઈ શક્યું જ્યારે ત્યાંના નાગરિકોએ આ બંને પાસાંનો સ્વીકાર કરયો અને અમલમાં જીવ રેડી દીધો. જાપાનના આ અદ્ભૂત પુનરુત્થાન માટે જો સૌથી વધુ શ્રેય કોઈ વર્ગને જાય છે તો તે છે શિક્ષકો. શિક્ષકોએ એવી પેઢીઓ તૈયાર કરી દીધી, જેમને પોતાનું સર્વસ્વ ઈમાનદારી, કર્મઠતા અને લગનથી દેશને સર્વોપરિ માનીને તેને સમર્પિત કરી દીધું. જાપાનના નીતિ-નિર્ધારકોએ પહેલાં જ નક્કી કરી લીધું હતું કે દેશને પોતાના પગ પર ઊભા થવા માટે દીર્ઘકાલીન યોજનાઓ બનાવવી પડશે. એક એવી પેઢીનું નિર્માણ કરવું પડશે, જે ભવિષ્ય નિર્માણમાં પોતાના શ્રમ અને સમયના મહત્ત્વને સમજે. દરેક નાગરિક પોતાના કાર્ય-નિષ્પાદન, ચરિત્ર અને રાષ્ટ્ર ભક્તિનું અનુકરણીય ઉદાહરણ રજૂ કરે. તેના માટે તેમણે પ્રાઈમરી સ્કૂલોને લિક્ષત કરી, કારણ કે દૃષ્ટિકોણ પરિવર્તન કરવાનો સૌથી સફળ માર્ગ એ જ હોઈ શકે છે, જે આ સ્કૂલોમાં દિન-પ્રતિદિનના આચાર, વિચાર અને વ્યવહારમાં જોઈ શકાય અને જે બાળકો માટે અનુકરણીય બની શકે. જો સ્કૂલ જનારા છાત્રો પ્રતિદિન એ જુએ કે તમામ અધ્યાપકો સમયસર આવે છે, તેમનો સ્નેહ તેમને સતત મળે છે, અધ્યાપક જ્ઞાન અને કૌશલ પ્રદાન કરવા માટે નવી નવી રીતો અપનાવે છે, દરેક બાળકની તમામ જરૂરિયાતોનું ધ્યાન રાખે છે, સેવા ભાવ તથા બીજાની સહાયતા કરવા તરફ તેમે સદાય પ્રેરિત કરતા રહે છે તો આ તમામ ગુણ અને કૌશલ સ્વતઃ જ તેમના જીવન-વ્યવહારમાં સદાય માટે સ્થાયી જગ્યા બનાવી લેશે. કલ્પના કરો એ સરકારી સ્કૂલની, જેમાં નિર્ધારિત સંખ્યામાં અધ્યાપક ઉપલબ્ધ હોય, કોઈ ગમે ત્યારે મોડા વર્ગમાં ન આવતા હોય, તમામ પરસ્પર સહયોગનો ભાવ ધરાવતા હોય, દરેક સમયે બાળકોની હરસંભવ સહાયતા કરવા માટે તત્પર રહેતા હોય અને જેને કોઈ મોટા અધિકારીનો બિનજરૂરી ભય ન હોય. જાપાને પોતાની દરેક સ્કૂલને એવી જ બનાવી, કારણ કે તેણે એવી સ્કૂલોને ભવિષ્ય નિર્માણની ચાવી માની અને તે સફળ પણ રહ્યું. આપણે જાપાનની પ્રગતિ વિશે જાણીને અભિભૂત તો થાય છે, પરંતુ તેની રીતભાતો અપનાવવાની આવશ્યકતા નથી સમજતા. કદાચ આ જ કારણ છે કે આપણા દેશમાં ખબર નહીં કેટલાય વિદ્યાલય એવા છે, જે શિક્ષકોની ઉણપનો સામનો કરી રહ્યા છે. કેટલીક સ્કૂલો તો એકાદ-બે શિક્ષકોના ભરોસે ચાલે છે.

# નવ યુગ નિર્માણ માટે આદિ વૈદિક ! આદિ જૈવિક અને આદિ ભૌતિક, એમ શક્તિનો ત્રિસ્તીય પ્રયોગ કરવો પડે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)





હે ઈશ્વર.


આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર આસાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં હમણાં જ મા જગદંબાના નવલા નોરતા પૂરા થયાં નવ નવ દિવસ સુધી શક્તિનું સાત્વિક સ્વરૂપ ધારણ કરીને રાવણ નામે માનસમાં રહેલ વિકૃત અહંકારનો વધ કર્યો. ત્રેતા યુગમાં તો ભગવાન રામ, સીતા અને અન્ય સ્નેહી મિત્રો સાથે અયોધ્યા પહોંચે છે, ફરીવાર રાજ્યભિષેકની ઘડી આવે છે, અને ભગવાન રામ અયોધ્યાના રાજા ઘોષિત થાય છે, ત્યારબાદ રામરાજ્ય સ્થપાય છે. પરંતુ આપણે તો આ બધું જ વર્ષોથી કરતા આવીએ છીએ, પણ રામરાજ્ય સ્થપાયું નહીં, તો એનું કારણ શું છે?? એને વિશે પણ ચિંતન તો કરવું જ પડશે કાં તો આપણે આ બધી જ ક્રિયા માત્ર ઔપચારિકતામાટેકરતાંહોઈએએટલેકેમાતાજીનું સ્થાપન કરવું પૂજન કરવું મંત્ર જાપ કરવા, નોમને દિવસે નૈવેદ્ય કરવા, ઓમ હવન કરવા, એ બધું જ આપણી માટે એક વિધિ માત્ર છે, અને તેથી જ એ પૂરી થયાં પછી આપણે એવો કોઈ સદભાવ ગ્રહણ કરી શકતા નથી, અથવા તો પુરા ભાવથી આપણે આ બધું જ કરીએ છીએ. પરંતુ આપણા જ અહંકારને આપણે મારી શકતા નથી, અને એટલે જ રામ તત્વ સમાજમાં વ્યાપક સ્વરૂપમાં દેખાતું નથી, પછી રામરાજ્ય ક્યાંથી થાય! ત્રીજી એક શક્યતા એ પણ છે કે રામરાજ્ય સ્થપાય એવી આપણી કોઈ તીવ્ર જંખના પણ હવે બચી નથી, કારણ કે પ્રભુ શ્રી રામના મૂલ્યો હવે રામાયણમાં જ જોવા મળે છે, અથવા એમાં જ ઠીક છે, વ્યવહારમાં એ ન ચાલે! એવું આપણે સ્વીકારી લીધું છે. હવે આ ત્રણ ત્રણ શક્યતા પર આપણે દરેકે મનોમંથન કરવું ઘટે, તો જ રામરાજ્ય સ્થપાય! ત્રેતાનો કાળ એ એવો સમય હતો કે જ્યાં એક રામ અને એક રાવણ પર્યાપ્ત હતાં, કે જે બંને અવતાર લીલા કરવાં, અને પૃથ્વી વાસીઓને બોધ આપવા માટે આવ્યા હતા. જ્યારે જ્યારે પૃથ્વી પર અધર્મની પરાકાષ્ઠા વ્યાપે ત્યારે ઈશ્વર ધર્મની પુનઃ સ્થાપના માટે અવતાર લે છે, એવી વાત આપણે આપણા શાસ્ત્રો પાસેથી જાણી છે, અને આ ચરિત્રોની કથાઓ પરથી આપણે એ સત્ય સ્વીકાર્યું પણ છે! તો ઘણીવાર એવું લાગે કે શું પૃથ્વી પર હજી એટલો અધર્મ નથી વ્યાપ્યો કે ઈશ્વરને જન્મ લેવા પડે ? કે પછી રામ કરતાં રાવણની સંખ્યા વધુ જોઈને ઈશ્વરે વિચાર મોકુફ રાખ્યો? રાવણને બહાર શોધીશું ત્યાં સુધી આપણને આપણે રામ જ લાગીશું! કાનાએ મહાભારતમાં લીલા કરી હતી, એક એક કાનને એક એક ગોપી, એમ ઈશ્વરે પણ એ જ રીતે આવવું પડે, અને એટલે જ આપણે આપણા ઘટમાં રામ તત્વ જન્માવીને આ રાવણત્વને દૂર કરવાનું છે. સમાજમાં વ્યાપેલ રાવણ વૃત્તિને નાથવા પહેલા આપણે આપણી અંદરની રાવણ વૃતિને નાથવી પડશે અને એ માટે થઈને શક્તિ ઉપાસના ના આ નવ દિવસ સુધી અર્જીત કરેલી શક્તિનો આદિ વૈદિક, આદિ જૈવિક, અને આદિ ભૌતિક ત્રણ સ્તરે પ્રયોગ કરવો પડશે. જેમાં આદિ વૈદિક એટલે કે શાસ્ત્રનો સહારે પ્રાપ્ત થયેલી શક્તિ, આદિ જૈવિક એટલે પરમાત્મા એ બનાવેલ આ સૃષ્ટિ ના અન્ય જીવ સાથે સકારાત્મક વિચારોથી જોડાઈને ઉર્જા એટલે શક્તિ પ્રાપ્ત કરવી. જ્યારે આદિ ભૌતિક માં વિજ્ઞાનને કારણે પ્રાપ્ત થયેલ સુવિધા મને મળે છે એમ મારા થકી કોઈ ને મળે એવું કંઈક કરવું એ ધન સંપન્નતા નો શ્રેષ્ઠ વિકલ્પ છે, હાલાકી આપણે એટલું કરી શકતાં નથી! બાકી ભારતની વસ્તી ગણતરી મુજબ ૬૦% થી ઉપર મધ્યમ વર્ગ છે અને એ ધારે તો ઘણું કરી શકે! નથી કરતા એવું પણ નથી, પણ હજી પ્રમાણ એટલું નથી. સીધી રીતે વિચારીએ તો ચૈત્રની નવ નવ દિવસની શક્તિની ઉપાસના પછી રામનો જન્મ થાય છે. એટલે કે રામરૂપી સત્યનો જન્મ થાય પછી, એ સીધા રાવણ તત્વને જાણી શકતા નથી, એ શક્તિ રૂપી સત્ય ને સંસ્કારીત કરવું પડે છે, એનું લાલન પાલન કરવું પડે છે, એનો યોગ્ય રીતે ઉછેર કરવો પડે છે, એને પ્રેમ લક્ષણા ભક્તિ સાથે પરણાવ્યા પછી, સંબંધ માટે ત્યાગ સમર્પણ અને બલિદાન આપતા શીખવવું પડે છે, અને પછીયે રાવણ તત્વની શોધ કરવી પડે છે. બધી જ બાજુથી ચકાસીને નક્કી કરવામાં આવે છે કે, આ જ રાવણ વૃત્તિ છે, ત્યારે એનો આ સંસ્કારિત સત્ય દ્વારા વધ થાય છે.

હમણાં એક વીક પહેલાં મને માનનીય અને સ્નેહી એવાં વડીલ મધુકર કાકા એ એક વિડિયો મોકલ્યો હતો, જેમાં આઈપીએસ ઓફિસર નીયાઝ ખાન દ્વારા લખાયેલ બ્રાહ્મણ ધ ગ્રેટ નામના એક પુસ્તકનાં વિમોચનની વાત હતી. નિયાઝ ખાન પોતે ઈસ્લામ ધર્મનો હોવા છતાં તેને આપણા સુસંસ્કૃત બ્રાહ્મણો પ્રત્યે આગવો ભાવ છે, અને આપણા ઋષિઓએ જે સનાતન સંસ્કૃતિનુ નિર્માણ કર્યું છે, એ સંસ્કૃતિ હવે જ્યારે ભુલાતી જાય છે, અને આપણા અસ્તિત્વની સલામતી જોખમાઈ રહી છે, ત્યારે તેમણે બ્રાહ્મણ ધ ગ્રેટ પુસ્તક દ્વારા બ્રાહ્મણોને સ્પષ્ટ રીતે અપીલ કરી છે કે, તેઓ જ સમાજના આગેવાન બની આ લુપ્ત થતી સંસ્કૃતિને ફરીથી ઉપર ઉઠાવી શકશે, માટે એમાં એમણે કહ્યું હતું કે સમાજના નવનિર્માણ માટે બ્રાહ્મણ એ પોતાના મૂળ સંસ્કાર તરફ પાછા વળવું પડશે, અને સંસ્કૃતિ નવ નિર્માણ માટે કટિબદ્ધ થઈ આહવાન કરવું પડશે. એમાં એમણે એમ પણ કહ્યું કે અહીં બ્રાહ્મણ એ કોઈ વર્ણ વિશેષની વાત નથી, પરંતુ ભૂતકાળમાં જે કંઈ કાર્ય સંસ્કૃતિ માટે થયું એ કાર્ય આજના કહેવાતા બ્રાહ્મણો પણ ભૂલતા જાય છે, માટે આપણે આ સનાતન સંસ્કૃતિ ખળભળતી દેખાય છે, અને એ સત્ય પણ છે કારણ કે આજે બ્રાહ્મણો ના ખાનપાન અને પહેરવેશ બદલાઈ ગયાં છે પહેલાં જે શિખા એમની સાન કહેવાતી એ હવે કોઈ રાખતું. આ ઉપરાંત જે ન કરવું જોઈએ એ બધું જ હવે સવર્ણ પણ કરતા થઈ ગયા છે. આપણે જે સનાતની હોવાની વાતનું ગર્વ કરવું જોઈએ! એની બદલે એની તરફ આપણે આંગળી ચીંધતા પણ અચકાતા નથી. માટે રામરાજ્યને ભૂલી જઈએ, પણ વિશ્વની આવી વિસમ પરિસ્થિતિનો ઉપાય માત્ર ને માત્ર સનાતન સંસ્કૃતિ પાસે છે, કારણ કે એણે જ વાસુદેવ કુટુંબકમની વાત રાખી છે સૌને અપનાવવા સૌને સ્વીકારવા અને સૌની મદદ કરવી એ વાસુદેવ કુટુંબનો મૂળ મંત્ર આપણી સંસ્કૃતિનો જ છે અને અત્યારે વિશ્વને શાંતિની સૌથી વધુ જરૂર છે. કારણ કે રશિયા અને યુક્રેનના યુદ્ધના અવાજોમાં હવે ઈરાન ઈઝરાયેલનું યુદ્ધ પણ ભળ્યું છે! યુદ્ધ નીતિ પછી તે વ્યક્તિગત હોય પારિવારિક હોય, સામાજિક હોય કે વૈશ્વિક હોય એ હંમેશા નિકંદન કાઢે છે, એ વાત હવે સૌએ સમજવી પડશે. માટે જ એક એવાં યુગનું નિર્માણ કરીએ કે જ્યાં એક સ્થિર અને શાંત પ્રકૃતિનો સ્વભાવ હોય અને જેનો મંત્ર એટલે વિચાર પરસ્પર સ્નેહ હોય એવાં સમાજનું નવ નિર્માણ આપણે સૌ મળીને મા જગદંબા ના આશીર્વાદથી કરીએ, તેમજ યુગ નિર્માણ માટે આપણાથી જે કંઈ થઈ શકે એ કરીશું એવાં એક શુદ્ધ અને સકલ વિશ્વનું જેમાં શુભ સમાયું છે એવાં સંકલ્પ સાથે આગળ વધી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



આજે ભારતના ઘડવૈયા અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતિ છે તો ભારતના ઘડવૈયા અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ નું નામ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું છે.એમનો જન્મ નડિયાદ માં ઝવેરભાઇ પટેલના ગૃહે અને માતા લાડબાઇના કૂખે ૩૧મી ઓક્ટોબર ૧૮૭૫માં થયો હતો.તેમના લગ્ન ઝવરબા સાથે થયેલ લગ્ન જીવનમાં મણીબેન અને ડાહ્યાભાઈ બે સંતાનો હતાં. સરદાર પટેલનું જીવન અને કાર્ય એક અમર ઈતિહાસ છે. બાળપણથી જ નીડર, નિઃસ્વાર્થ પણું, અન્યાય સામે ઝઝૂમવાના ગુણો હતા.ધોરણ ચાર સુધી વતન કરમસદ, ત્યાર બાદ પેટલાદ અને ત્યાંથી નડિયાદ ખાતે અભ્યાસ કર્યો હતો.નડિયાદમાંથી મેટ્રીક પાસ કરી વકીલ થયા.૧૯૧૦માં બેરિસ્ટર થવા ઈંગ્લેન્ડ ગયા. ત્યાં સફળતા મળ્યા બાદ ૧૯૧૩માં ભારત પરત ફર્યા. સામેથી આવેલી સરકારી નોકરીની અનેક લોભામણી ઓફરો ફગાવી અમદાવાદમાં વકીલાત શરૂ કરી. ૧૯૨૧માં વકીલાતને તિલાંજલી આપી.ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી તેઓનો જીવનરાહ બદલાયો કોંગ્રેસમાં જોડાઇ તેઓ ગુજરાત પ્રાંતીય સમિતિના અધ્યક્ષ બન્યા. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં તેઓ સફળ થયા જેથી તેઓ 'સરદાર' ના હુલામણા બિરૂદથી ખ્યાતિ પામ્યા. સ્વતંત્રતા મળ્યા પછીના પ્રથમ પ્રધાન મંડળમાં ગૃહ ખાતાના હવાલાની સાથે દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી,તેમની વહીવટી કુનેહથી ભારત સ્વતંત્ર થયું ત્યારે ભારતની ૪૦ ટકા પ્રજા દેશી રજવાડાઓના શાસન નીચે હતી.માત્ર બે જ વર્ષમાં દેશી રાજયોનું ભારતીયસંઘમાં વિલીની કરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. આમ સરદાર લોખંડી પુરુષ કહેવાયા. લોખંડી પુરુષ હતાં છતાંય પુષ્પ કરતાંય કોમળ હૃદયનાં હતાં.

'હું ગુજરાતીઓને કહું છું કે,' "તમે ભલે દુબળા હોવ,પણ કાળજુ વાઘ-સિંહનું રાખો. સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો. કોઇ તમને અંદરોઅંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો.

દેશ સામે અનેક પડકારો આવ્યા. દરેક વખતે વલ્લભભાઈએ દેશના હિતમાં કાર્ય કર્યું.દેશની અખંડિત તાનું એમણે જતન કર્યું. અખંડ ભારતના શિલ્પી તરીકે તેમનું કાર્ય સદા અવિસ્મરણીય રહેશે.

ભારતની ભાવિ પેઢી માટે તેઓ લોકપ્રિય નેતા, અખંડ ભારતના શિલ્પી તથા 'સરદાર' તરીકેની કાર્ય પદ્ધતિથી સદા પ્રેરણા આપતા રહેશે.

પ્રસિદ્ધ પત્રકાર અને લેખક ખુશવંતસિંહે **'Truth love and Little Malice'** પુસ્તકમાં સરદારના ક્રાંતિકારી જીવનની ઝલક દર્શાવતો એક સુંદર પ્રસંગ આલેખ્યો છે. એને ખુશવંતસિંહના શબ્દોમાં જ માણીએ.

'મને સરદાર પટેલના ઘેર મળવા માટે સમય આપવામાં આવ્યો હતો. તેમના સચિવે મને બહારના રૂમમાં બેસાડીને કહ્યું, 'પ્રધાનશ્રી બીઝી છે.' થોડી પળમાં ઈન્દોરના મહારાજાની મોટી રોલ્સરોઈસ કાર આવી પહોંચી. એક નૌ સૈનિકે કારનો દરવાજો ખોલ્યો અને મહારાજા નીચે ઊતર્યા. પ્રધાનના સચિવે તેમનું સ્વાગત કર્યું અને તેમને ડ્રોઈંગ રૂમમાં લઈ ગયા. અંદર શું ચાલી રહ્યું છે તે હું જોઈ શકતો હતો. સરદાર ગંભીર વદને કક્ષમાં દાખલ થયા અને મહારાજાને બેસવાનું કહ્યું. તેમણે મહારાજા સાથે હાથ તો ન જ મિલાવ્યા. મહારાજા ઈંગ્લિશમાં ઝડપથી બોલી રહ્યા હતા. સરદારની નજર પોતાના ચંપલ ઉપર સ્થિર થયેલી હતી. આ મહારાજા ભોપાલના નવાબ સાથે મળીને ઈન્ડિયન ગવર્નમેન્ટના નિર્ણય સામે બીજા રાજાઓને એકઠા કરીને વિરોધ કરી રહ્યા હતા. મહારાજાઓને સાલિયાણાં બાંધી આપવાનું વિચારાઈ રહ્યું હતું. ગૃહપ્રધાન તરીકે સરદારના માથે આ મહારાજાઓની જોડાણખત ઉપર સહીઓ લેવાની જવાબદારી આવી પડી હતી. મહારાજા જે બોલી રહ્યા હતા તે થોડું થોડું મને સંભળાતું હતું. તેઓ પોતાના ઉપર થઈ રહેલા આક્ષેપો જુઠ્ઠા છે તેવું કંઈ કહી રહ્યા હતા. સરદારે તેમને પોતાનો ઊભરો ઠાલવી દેવા દીધો. નજર ઉપર કરી જ નહીં. પછી સરદાર ઊભા થયા અને હું સાંભળી શકું તેટલા મોટા અવાજે બોલ્યા : **'You are a damned liar.'** તમે તદ્દન જૂઠા છો. આટલું કહીને સડસડાટ ચાલ્યા ગયા. ઝંખવાણા પડી ગયેલા મહારાજા પોતાના એડીસી સાથે સીધા રોલ્સરોઈસ તરફ દોડી ગયા. સરદાર પટેલના સેક્રેટરીએ મને કહ્યું કે તેઓ અત્યારે મારી સાથે વાતચીત કરવાના મૂડમાં નથી.'

સરદાર વલ્લભભાઇ પટેલના લોખંડી નેતૃત્વની એક અદ્ભુત દેણ તે દેશી રજવાડાઓનું ભારત માં એકત્રીકરણ આ પ્રયત્ન ભારત ની એકતાને મૂર્તિમંત કરવાનો હતો સરદાર વલ્લભભાઈ પટેલનોજન્મ ૩૧મી ઓક્ટોબર ૧૮૭૫માં નડિયાદમાં થયો હતો. લંડન જઈને તેમને બેરિસ્ટરનો અભ્યાસ કર્યો અને પાછા અમદાવાદ આવીને વકીલાત કરવા લાગ્યા. મહાત્મા ગાંધીના વિચારોથી પ્રેરિત થઈને તેમને ભારતના સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લીધો.

-સ્વતંત્રતા આંદોલનમાં સરદાર વલ્લભભાઈ પટેલનું પહેલુ એવુ મોટુ યોગદાન ૧૯૧૮માં ખેડા સંઘર્ષમાં હતુ. તેમને ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં ખેડૂત આંદોલનનુ સફળ નેતૃત્વ કર્યુ.

-લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના પહેલા ઉપ વડા પ્રધાન અને ગૃહમંત્રી બન્યા.

-સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ દેશી રજવાડાંઓનુ એકીકરણ કરીને અખંડ ભારત નિર્માણમાં તેમના યોગદાનને ભુલી શકાય એમ નથી. તેમને ૫૬૨ નાના-મોટા રજવાડાં ઓને ભારતીય સંઘમાં વિલિની કરણ કરીને ભારતીય એકતાનુ નિર્માણ કર્યુ.

-મહાત્મા ગાંધીએ સરદાર વલ્લભ ભાઈ પટેલને લોહપુરુષની ઉપાધિ આપી.

-ગુજરાતમાં નર્મદાના સરદાર સરોવર બંધની સામે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર (૫૯૭ ફૂટ) ઉંચી પ્રતિમા (સ્ટેચ્યૂ ઓફ યૂનિટી)નુ નિર્માણ કરવામાં આવ્યુ. આ વિશ્વની સૌથી ઉંતી પ્રતિમાં છે. આને ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ એ દેશને સમર્પિત કરવામાં આવી. સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીની ઉંચાઇ માત્ર ૯૩ મીટર છે.

-આ સરદાર વલ્લભભાઇ પટેલનુ જ વિજન હતુ કે ભારતીય વહીવટી સેવાઓ દેશને એક રાખવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમને ભારતીય વહીવટી સેવાઓને મજબૂત બનાવવા પર ખુબ ભાર મુક્યો, તેમને સિવિલ સેવાઓને સ્ટીલ ફ્રેમ કહી હતી.

-બારડોલી સત્યાગ્રહ આંદોલનના સફળ થયા બાદ ત્યાંની મહિલા ઓએ વલ્લભભાઇ પટેલને સરદાર ની ઉપાધિ આપી હતી.

-કોઈપણ દેશનો આધાર તેની એકતા અને અખંડતતામાં રહેલો હોય છે, અને સરદાર પટેલ દેશની એકતાના સૂત્રધાર હતા. આ જ કારણથી તેમના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવવામાં આવે છે.

- ૧૨ ડિસેમ્બરે જ્યારે તેઓ તેમના મુંબઈ સ્થિત દિકરા, ડાહ્યાભાઈના ઘરે આરામ કરવા વિમાન પ્રવાસ કરવાના હતા ત્યારે તેમની તબીયત નજુક હતી અને નેહરુ તેમજ રાજગોપાલાચારી તેમને વિમાનમથકે મળવા ગયા હતા. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના દિવસે તેમને મોટા હદય હુમાલો થયો હતો (તેમનો બીજો) કે જેના લીધે તેમનુ દેહાંત થયું હતુ. તે દિવસે અભુતપુર્વ તેમજ અનન્ય ઘટનામાં ભારતીય સનદી સેવા તેમજ પોલીસ સેવાના ૧૫૦૦ અધિકારીઓ સરદારના દિલ્હી સ્થીત તેમના રહેઠાણે તેમના દેહાંતના દુઃખમાં સહભાગી થવા મળ્યા હતા અને તેઓએ પ્રણ લીધું હતું કે તેઓ ભારતની સેવા 'પુર્ણ વફાદારી તેમજ અવરિત ઉત્સાહ' સાથે કરશે. સરદારનો અગ્નિદાહ મુંબઈના સોનાપુર સ્થિત સ્મશાનગૃહમાં કરવામાં આવ્યો હતો અને ત્યાં મોટો જનસમુદાય તેમજ નેહરુ, રાજગોપાલાચારી અને રાષ્ટ્રપતિ પ્રસાદ હાજર હતા. વર્ષ ૧૯૯૧માં સરદાર પટેલને મરણોપરાંત 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા

વાચક ચાહક મિત્રો આજે ભારતના શિલ્પી સરદાર વલ્લભ ભાઈ પટેલ ની ૧૪૮મી જન્મ જયંતિએ શ્રાધ્ધ સુમન અર્પણ કરીએ..અસ્તુ.

પશુ-પક્ષીઓ પણ પ્રેમની ભાષા સમજે છે. તમે પ્રેમ વહેંચો છો,તેની સુગંધ તમારા જીવનને પણ સુગંધિત બનાવશે.

# શિલ્પા શેટ્ટી : તલોદની અજોડ સ્વાદની વિકાસગાથામાં સિતારાનો જાદુ ઉમેરે છે




અનોખો ઝંઝાવાત સર્જીને માર્કેટિંગના માંધાતા પ્રહલાદ કકર ફરી એક વખત તલોદ ની જાહેરાતથી પહેલા ક્યારેય ના જોવા મળ્યો હોય તેવા ધમાકેદાર અંદાઝ માં પાછા ફર્યા છે. રેડી ટુ કૂક ફ્લોર મિક્સ ઈન્ડસ્ટ્રિઝ અને રેડી-ટુ-ઈટ વાનગીઓ ના ક્ષેત્રમાં બેજોડ બ્રાન્ડ તલોદ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લી. એ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રતિભાશાળી અભિનેત્રી શિલ્પા શેટ્ટીની નિમણૂક કરી બજાર માં હલચલ મચાવી દીધી છે. આ જોડાણ તલોદ ફૂડ ના સ્વાદિષ્ટ,નવીનીકરણ અને બેજોડ નિપૂર્ણતા અવિરત સફરમાં ઐતિહાસિક બની રહેશે.

તલોદ ફૂડ માર્કેટિંગ ના દીઘર્દ્રષ્ટા મેનેજિગ ડિરેક્ટર શ્રી દિપક ચોટાઈ એ જણાવ્યુ કે અભિનય હોય લેખન હોય માતા તરીકેની જવાબદારી હોય કે પછી ફિટનેસની વાત, તમામ પહેલું પર શ્રેષ્ઠતમ રીતે પોતાની પ્રતિભા પુરવાર કરી ચૂકેલ પ્રસિદ્ધ અભિનેત્રી શિલ્પા શેટ્ટીનું વ્યક્તિત્વ તલોદની વિશ્વાસનિયતા, અતૂટ સમર્પણ અને શ્રેષ્ઠતા માટે લગન સાથે સુસંગત છે.

નોંધપાત્ર સિદ્ધિઓ અને અપ્રતિમ પ્રભાવ સાથે શિલ્પા નું તલોદ સાથે નું જોડાણ લોકપ્રિય બ્રાન્ડ ને વધુ ઊચાઈએ લઈ જશે વધુ લોકપ્રિયતા અપાવશે. તલોદને ઊચાઈએ લઈ જનાર ચોટાઈ ભાઈઓ, પ્રતિક ચોટાઈ અને કેયૂર ચોટાઈ એ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વર્ષ ૨૦૦૦ થી તેમના ગૃહ ઉદ્યોગને પ્રાઈવેટ લિમિટેડ કરી ડિરેક્ટર તરીકેનું સુકાન સંભાળ્યું છે અને આવનાર વર્ષોમાં FMCGમાં વધુ શ્રેણી અને પ્રોડક્ટ ના સમવેશની મહત્વાકાંક્ષી યોજનાઓ ધરાવે છે.

તલોદ ફૂડ્સ સાથેના બ્રાન્ડ એસોસિએશન વિશે બોલતા, શિલ્પા શેટ્ટીએ જણાવ્યું હતું કે, ‘‘ગમે ત્યારે ખાઈ શકાય અને રેડી ટુ કૂક એવા સ્વાદિષ્ટ નાસ્તા જેમકે ખમણ, ઢોકળા તથા અન્ય સ્વાદિષ્ટ વાનગીઓ માટે તલોદ ફૂડ્સ મારી પ્રથમ પસંદગી છે. ઉત્તમ સ્વાદ અને પરંપરાઓની જાળવતી મારી વિચારધારાને સુસંગત આ બ્રાન્ડ સાથેનું મારૂ જોડાણ એકદમ યોગ્ય છે.’’ આ પ્રસંગે તલોદ ફૂડ્સના ચીફ ઓપરેટિંગ ઓફિસર (સીઓઓ) સમિત શાહે જણાવ્યુ કે, ‘‘અમે વૈશ્વિક બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શિલ્પા શેટ્ટી સાથે અમારી બ્રાન્ડની ઓળખ બનાવવા, ગ્રાહકને જાળવી રાખવામાં અને બજારમાં વધારે ધ્યાન આકર્ષણ કરવા માટે તૈયાર છીએ. અમારી નવી ટેગલાઈન સાથે, ‘આપને ફરમાયા, હમને બનાયા’ (‘તમે જણાવ્યુ, અમે બનાવ્યું’), સાથે વાજબી ભાવ જાળવી રાખીને નવા ઉત્પાદનો રજૂ કરીને વિશ્વની વાંગીઓની જરૂરિયાતો પૂરી કરવા માટે સમર્પિત છીએ.’’

## એકલવ્ય રાષ્ટ્રીય કક્ષાના કલ્ચરલ ફેસ્ટીવલમાં એકલવ્ય સ્કૂલ ખોડદાની ૨ કૃતિઓનું રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન



તાજેતરમાં આદિજાતિ વિકાસ મંત્રાલય,ન્યુ દિલ્લી દ્વારા રાષ્ટ્રીય સ્તરીય એકલવ્ય કલ્ચરલ મીટનું આયોજન દેહરાદુન (ઉતરાખંડ) ખાતે કરવામાં આવ્યું હતું. સંગીત સાહિત્ય અને કલચર ફેસ્ટીવલમાં ૨૭ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશની એકલવ્ય શાળાઓએ ભાગ લીધો હતો. આ ૪ દિવસીય સંગીત અને સાહિત્યક ફેસ્ટીવલમાં વિદ્યાર્થીઓની સુસુપ્ત શક્તિઓ બહાર લાવવાનાં હેતું સાથે વિવિધ સાહિત્યક કૃતિઓ, લોકવાદ્ય,આદિવાસી સંસ્કૃતિનાં વાદ્ય, કલા, વિવિધ સાહિત્યક ચર્ચા, વકૃત્વ સ્પર્ધા, આદિજાતી નૃત્ય, દેશભક્તી ગીતો, કોયડાથી માંડી અંગ્રેજી સ્પ ેલીગની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં તાપી જિલ્લાની નિઝર સ્થિત એકલવ્ય સ્કૂલ મોડેલ રેસીડેન્સીયલ ખોડદાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. ખોડદા એકલવ્ય સ્કૂલ મોડેલ રેસીડેન્સીયલ સ્કુલની કુલ ૪ કૃતિઓએ રાષ્ટ્રીય કક્ષાના કલ્ચરલ મીટમાં ભાગ લીધો. જેમાંથી સિનિયર શોલો ‘‘ક્લાસિકલ ઈન્સ્ટ્રૂમેન્ટ’’ અને તબલા વાદનમાં ચૌધરી મીત શૈલેષભાઈ અને જૂનિયર સંસ્કૃ ત શ્લોકગાનમાં વસાવા કૃ તિકા ગુલાબભાઈએ પ્રથમ ક્રમ મેળવી એકલવ્ય સ્કૂલ મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ ખોડદાનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજ્જવળ કર્યું હતું.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે આયોજિત કેમેસ્ટ્રી શિક્ષકોના રાષ્ટ્રીય સંમેલનનું સમાપન



ગુજરાત સાયન્સ સિટી ખાતે ૨૭ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર દરમિયાન કેમેસ્ટ્રી શિક્ષકોનું રાષ્ટ્રીય સંમેલન યોજવામાં આવ્યું હતું. એસોસિએશન ઓફ કેમેસ્ટ્રી ટીચર્સ (ACT), ગુજકોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘‘કેમેસ્ટ્રી ફોર સસ્ટેનેબલ ડેવલપ મેન્ટ- એમ્પાવરિંગ ચેન્જ થ્રૂ એજ્યુકેશન, રિસર્ચ એન્ડ આઉટરીચ’’ થીમ પર આયોજિત આ સંમેલનમાં દેશની અગ્રણી સંસ્થાઓના ટોચના રસાયણશાસ્ત્રના પ્રોફેસરો, સંશોધકો અને મોટી સંખ્યામાં શિક્ષકો સહભાગી થયા હતા.

રસાયણશાસ્ત્રને ઘણી વાર સેન્ટ્રલ વિજ્ઞાન તરીકે પણ ઓળખવામાં આવે છે. વિશ્વના ગંભીર પડકારોને પહોંચી વળવા માટે થઈ રહેલા પ્રયાસોમાં રસાયણશાસ્ત્રની મહત્વપૂર્ણ ભૂમિકા છે. ખાસ કરીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) આ સંમેલનનું કેન્દ્ર હતો.

આ સંમેલનમાં સાયન્ટિફિક ટોક, વૈજ્ઞાનિક પ્રદર્શનો અને આઉટરીચ પ્રવૃત્તિઓ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રસાયણશાસ્ત્રના પ્રતિષ્ઠિત પ્રોફેસર અને ACT ના જનરલ સેક્રેટરી ડૉ. ડી. વી. પ્રભુએ SDG હાંસલ કરવામાં રસાયણશાસ્ત્રની અનિવાર્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. સ્વચ્છ ઊર્જાના ઉત્પાદનથી લઈને જળ શુદ્ધિકરણ અને કચરાના વ્યવસ્થાપન સુધી, રસાયણશાસ્ત્ર ટકાઉ ભવિષ્ય માટે જરૂરી નવીન ઉકેલો પ્રદાન કરે છે, જે ટકાઉ ભવિષ્ય માટે આવશ્યક છે. SDGમાં ગરીબી નાબૂદી, આબોહવાની ક્રિયા અને આરોગ્યમાં સુધારણા સહિતના ઘણા વિષયોનો સમાવેશ થાય છે અને રસાયણશાસ્ત્રના યોગદાનથી તેને ફાયદો થાય છે.

આ સંમેલનમાં ક્ષેત્ર અને સમાજમાં તેમના આજીવન યોગદાન બદલ પ્રતિષ્ઠિત પ્રોફેસરો અને સંશોધકોનું સન્માન કરવામાં આવ્યું. સાથે સાથે યુવા સંશોધકો અને વિદ્યાર્થીઓને શિક્ષણ, સંશોધન અને આઉટરીચ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા.

### સુવાલી બીચ પર CISF દ્વારા ફીટ ઈન્ડિયા રન ૪.૦ યોજાઈ

## દેશના અર્ધલશ્કરી દળો ફીટ ઈન્ડિયા રન ૪.૦ હેઠળ દેશવાસીઓને શારીરિક રીતે સ્વસ્થ રહેવાનો સંદેશ આપ્યો




વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ અર્ધલશ્કરી દળોને સામાન્ય લોકોની વચ્ચે જઈને તેમને શારીરિક રીતે સ્વસ્થ રહેવાનો સંદેશ આપવા અને તેમને જાગૃત કરવા આહ્વાન કર્યું છે. આરોગ્ય જાગૃતિના આ અભિયાનને ફિટ ઈન્ડિયા રન ૪.૦ નામ આપવામાં આવ્યું છે. આ સંદર્ભે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ- CISF યુનિટ KGPP કવાસના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી સુરેન્દ્ર કુમાર સોનકરિયાના માર્ગદર્શન હેઠળ વહેલી સવારે ચોર્યાસી તાલુકાના સુવાલી બીચ, મોરા ખાતે ફિટ ઈન્ડિયા રન યોજાઈ હતી. જેમાં CISF ના અધિકારી-કર્મચારીઓએ ‘સ્વસ્થ ભારત, સ્વસ્થ સમાજ’નો સંદેશ આપ્યો હતો. ઉપસ્થિત સૌ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા, આદર્શ જીવનશૈલી અપનાવવા અને નિયમિતપણે વ્યાયામ કરવા સંકલ્પબદ્ધ થયા હતા.

# સરકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે જરૂરી : સાંસદ મિતેષભાઇ પટેલ

સાંસદશ્રી મિતેષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આણંદ સરકીટ હાઉસ ખાતે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા)ની બેઠક મળી હતી. આ બેઠકમાં સાંસદશ્રીએ સરકારના વિવિધ યોજનાકીય લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તે જોવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલે કેન્દ્ર-રાજય સરકાર પુરસ્કૃત અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અમલી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી કૃ ષિ સિંચાઈ યોજના, જનની સુરક્ષા યોજના, નિશ્ચય પ ોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, બેટી બચાવો - બેટી પ ઢાઓ, મધ્યાહન ભોજન યોજના, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, સોઈલ હેલ્થ કાર્ડ, પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, સુકન્યા સમૃધ્ધિ યોજના, સાંસદ આદર્શ ગ્રામ યોજના, મનરેગા, મિશન મંગલમ, દિન દયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સ્વચ્છ ભારત મિશન જેવી અનેક યોજનાઓની કામગીરીની સમીક્ષા કરી જિલ્લામાં કરવામાં આવેલ કામગીરી પ્રતિ સંતોષ વ્યકત કર્યો હતો. સાંસદશ્રીએ સાચા લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ ઝડપથી મળી રહે તે જોવા તેમજ જિલ્લાના તુટેલા રસ્તાઓને તાત્કાલિક ધોરણે રીપેર કરવા સંબંધિતોને સુચના આપીને જિલ્લામાં હાલ ચાલી રહેલ અને હાથ ધરવા પાત્ર કામો જેવાં કે રસ્તાઓ, પાણી-પુરવઠા, વીજળી, સફાઈ, જેવી વિવિધ બાબતોએ વિસ્તૃત સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીએ સાંસદશ્રી દ્વારા સુચવવામાં આવેલ સૂચનોને ધ્યાને લઇ અધિકારીઓને તેમના હસ્તકની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા જણાવ્યું હતું. બેઠકના પ્રારંભે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે. વી. દેસાઈએ સૌને આવકારી વિવિધ યોજનાઓ હેઠળ કરવામાં આવેલ કામગીરીની વિગતો રજૂ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિલિંદ બાપના, નિવાસી અધિક કલેકટરશ્રી આર.એસ.દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

BOLLYWOOD NEWS FLASH

**વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો સિદ્ધાર્થ મલ્હોત્રાએ હાલમાં ઇન્ડિયન પોલિસ ફોર્સની રિલીઝ ડેટની જાહેરાત કરી છે**



## કિયારા અડવાણી દિલ્હીમાં મનાવશે ફર્સ્ટ કરવા ચોથ

। મુંબઈ, તા.૩૦ ।

લગ્ન પછી પહેલી કરવા ચોથ કરનાર સેલેબ્સમાં કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાનું નામ પણ સામેલ છે. આ ક્યૂટ કપલે ૭ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ જેસલમેરના સૂર્યગઢ પેલેસમાં સાત ફેરા લીધા હતા. જેની તસવીરોએ ફેન્સનું દિલ જીતી લીધુ હતુ. આમ વાત કરવામાં આવે તો લગ્ન પછી કિયારાની આ પહેલી કરવા ચોથ છે જેને લઈને અભિનેત્રી હાલમાં ખૂબ ખુશ જોવા મળી છે. કરવા ચોથ દરેક લોકો માટે સ્પેશિયલ બની રહે છે. કિયારા અડવાણી હાલમાં પહેલી કરવા ચોથને લઈને ખૂબ એક્સાઈટેડ લાગી રહી છે. આ કરવા ચોથ કિયારા બહુ ધામધૂમથી મનાવશે. કિયારા અડવાણી અને સિદ્ધાર્થ આ માટે દિલ્હી જવા રવાના થઈ ગયા છે. આ ક્યૂટ કપલનો વિડીયો પણ સોશિયલ મિડીયામાં વાયરલ થઈ ગયો છે. જો કે લોકો આ વિડીયોને ખૂબ પસંદ કરી રહ્યા છે. માનવ મંગલાનીના ઈન્સ્ટાગ્રામ પેજ પર કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાનો એરપોર્ટ પરનો વિડીયો શેર કરવામાં આવ્યો છે, જેમાં વ્હાઈટ આઉટફિટ ન્યૂ મેરિડ કપલ ખૂબ સુંદર લાગી રહ્યું છે. આ વિડીયો શેર કરતા કેપ્શનમાં લખ્યુ છે કે નવી દિલ્હીમાં સિડના ઘરે રવાના થતી વખતે કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ એરપોર્ટ પર ફોટો ક્લિક કરાવ્યો છે. આ લેટેસ્ટ પોસ્ટ જોયા પછી ફેન્સ એક પછી એક ઈમોજીસ સેન્ડ કરીને કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ વિડીયોમાં તમે જોઈ શકો છો કે કિયારા અને સિદ્ધાર્થ કેટલા સ્માર્ટ લાગી રહ્યા છે. ફર્સ્ટ કરવા ચોથને લઈને ફેન્સ પણ ખૂબ ઉત્સાહમાં આવી ગયા છે. વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો સિદ્ધાર્થ મલ્હોત્રાએ હાલમાં ઈન્ડિયન પોલિસ ફોર્સની રિલીઝ ડેટની જાહેરાત કરી છે.

# અભિનેત્રી દિપીકા પાદુકોણ ટ્રોલર્સ પર થઇ બરાબર ગુસ્સે

। મુંબઈ, તા.૩૦ ।

દિપીકા પાદુકોણ-રણવીર સિંહ આ દિવસોમાં એક મુદ્દામાં અનેક રીતે ચર્ચાનો વિષય બન્યા છે. સોશિયલ મિડીયા પર કરણ જોહરના ચેટ શો કોફી વિથ કરણ ૮ને લઇને ટ્રોલ થઇ રહ્યા છે.

આ દરમિયાન દિપીકાએ રણવીર સાથે પોતાના રિલેશનને લઈને કંઈક એવી વાત શેર કરી હતી જે પછી ટ્રોલર્સના નિશાને પર હતા. જ્યારે આ વાતથી ગુસ્સે ભરાયેલી દિપીકાએ પ ોતાના ઓફિશયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વિડીયો શેર કરીને બધાની બોલતી બંધ કરી દીધી છે. દિપીકાના આ ફની વિડીયોમાં પતિ રણવીર સિંહ પણે રિએક્ટ કર્યુ છે. કરણ જોહરનો સૌથી ચર્ચિત શો કોફી વિથ કરણ ૮ના પહેલાં ગેસ્ટ રણવીર સિંહ અને દિપીકા પાદુકોણ હતા. આ દરમિયાન કપલે કરણ જોહરના શોમાં અનેક વાતના ખુલાસા કર્યા હતા જે પછી દિપીકા ટ્રોલ થઈ. આ વાતને લઈને દિપીકા બરાબર ગુસ્સે ભરાઇ અને ટ્રોલર્સને જવાબ આપી દીધો. દિપીકાએ એક



વાયરલ મીમ પર એક ફની વિડીયો બનાવીને પોસ્ટ કર્યો છે. ઉલ્લેખનીય છે કે દિપીકાએ જણાવ્યું હતુ કે શરૂઆતમાં એ રણવીરને લઈને સિરીયસ હતી નહીં કારણકે એ સમયે હું ખરાબ દિવસોમાંથી પસાર થતી હતી.

આમ, ઘણાં લોકોને દિપ ીકાની આ વાત પસંદ આવી નહીં અને ટ્રોલ થઈ. આ વાતને લઈને દિપીકા પાદુકોણે ફની વિડીયો શેર કર્યો અને લોકોની બોલતી બંધ કરી દીધી. આ ફની વિડીયો પર લોકોના જાતજાતના રિએક્શન આવી રહ્યા છે. રણવીર સિંહે આ વિડીયો પર રિએક્ટ કરતા લખ્યુ છે કે હા હા હા હા હા... દિપીકા પાદુકોણની ફિલ્મ ‘ફાઈટર’ રિપબ્લિક ડે ૨૦૨૪માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં અનિલ કપૂર લીડ રોલમાં છે. આ સિવાય ધ ઈટર્ન અને પ્રોજેક્ટ કે ના હિન્દી રીમેકમાં જોવા મળશે. પ્રોજેક્ટ કેમાં એક્ટ્રેસની સાથે પ્રભાસ અને અમિતાભ બચ્ચન પણ છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો રણવીર સિંહ આ દિવસોમાં સિંઘમ અગેનને ઈને ચર્ચામાં છે.

**હિના ખાન, સાક્ષી તંવર, જેનિફર વિંગેટ, દેવોલીના ભટ્ટાચાર્જી, રોનિત રોય જેવા અનેક ટીવી કલાકાર છે જેમને ઓડિયન્સને પોતાના તરફ ફિદા કરી દીધા છે**

## TVનાં ૭ સૌથી મોંઘા સ્ટાર્સ, લાખો રૂપિયા લે છે એક એપિસોડની ફી

। મુંબઈ, તા.૩૦ ।

હિના ખાન, સાક્ષી તંવર, જેનિફર વિંગેટ, દેવોલીના ભટ્ટાચાર્જી, રોનિત રોય જેવા અનેક ટીવી કલાકાર છે જેમને ઓડિયન્સને પોતાના તરફ ફિદા કરી દીધા છે. નવી જનરેશનના કલાકારોને પણ લોકોનો પ્રેમ અને પોપ્યુલારિટી મળી રહી છે. અનુપમા સિરીયલના અનેક લોકો દિવાના છે. અનુપમા સિરીયલથી ફેમસ થયેલી ૪૬ વર્ષની એક્ટ્રેસ રૂપાલી ગાંગુલી એક એપિસોડના ૩ લાખ રૂપિયા લે છે. ટીવીની સૌથી મોંઘી એક્ટ્રેસમાંથી એક છે. આ શોથી રૂપાલીએ એક્ટિંગની દુનિયામાં કમબેક કર્યુ છે. ટીવી પર છેલ્લા ૧૫ વર્ષથી ચાલી રહેલી સિરીયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં જેઠાલાલની ભૂમિકા નિભાવી રહેલા દિલીપ જોષી પણ આ લિસ્ટમાં છે. રિપોર્ટ અનુસાર દિલીપ આ શોમાં મહિનામાં ૨૫ દિવસ કામ કરે છે. આ માટે ૩૬ લાખ રૂપિયા મળે છે. એક એપિસોડના દિલીપ જોષી ૧.૪૫ લાખ રૂપિયા લે છે. શ્રદ્ધા આર્યાએ કુંડલી ભાગ્યમાં ડો. પ્રીતા અરોરાની ભૂમિકા નિભાવીને પ્રસિદ્ધિ મેળવી છે. છેલ્લા ઘણાં વર્ષોથી આ ભુમિકા નિભાવી રહી છે. શ્રદ્ધા એક એપિસોડના ૧-૧.૫ લાખ રૂપિયા લે છે. બિગ બોસ ૧૫ની વિનર તેજસ્વી પ્રકાશ ટીવીની બીજી સૌથી મોંઘી એક્ટ્રેસ છે. આ દિવસોમાં નાગિનમાં ટ્રિપલ રોલ નિભાવે છે. આ અઠવાડિયામાં ૧૦ લાખ રૂપિયાની કમાણી કરી છે. હર્ષદ ચોપડાએ બેપનાહ, હમસફર, ઘરમપત્ની સહિત અનેક શોમાં કામ કર્યુ છે. આ દિવસોમાં યે રિશ્તા ક્યા કહેલાતા હૈમાં છે.

## સલમાન ખાનનો રોનાલ્ડો સાથેનો વિડીયો વાયરલ

। મુંબઈ, તા.૩૦ ।



સલમાન ખાન અને રોનાલ્ડોનો વિડીયો હાલમાં ચારેબાજુ વાયરલ થઈ રહ્યો છે. સલમાન ખાનનો આ વિડીયો હાલમાં વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં સલમાન ખાન હેન્ડસમ લાગી રહ્યો છે. રિયાદમાં ટાયસન ફ્યૂરી અને ફ્રાન્સિસ નગનો વચ્ચે સ્સ્છ મેચમાં અનેક ફેમસ હસ્તીઓ સ્પોટ થઈ. મેચ દરમિયાન સલમાન ખાન, અબ્દુ રોજિક અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની અનેક તસવીરો અને વિડીયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે, જેમાં સુપર સ્ટાર સલમાન ખાન રોનાલ્ડો અને એમની પત્ની જોર્જીના રોડ્રિગેજ પાસે જોવા મળ્યા હતા. આમ, સલમાન ખાનની વાત કરવામાં આવે તો ભાઈજાન કોઈને કોઈ રીતે હંમેશા ચર્ચામાં રહેતા હોય છે. જો કે આ વખતે પણ કંઈક આવું જ બન્યુ છે. સલમાન અને રોનાલ્ડોની તસવીર અને વિડીયો સોશિયલ મિડીયામાં ધડાધડ વાયરલ થઈ રહ્યા છે. મેચ દરમિયાન સલમાન ખાન અને રોનાલ્ડો એટલા ખોવાયેલા હતા કે એમને એ વાતની જાણ નથી કે એમની આસપાસ કોણ છે. અબ્દુ રોજિકે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ઈવેન્ટમાં બન્ને સુપર સ્ટાર્સ સાથે કેટલીક તસવીરો શેર કરી છે.

## બિગ બોસ ૧૭ માં સલમાન સાથે જોવા મળશે ૨ નવા હોસ્ટ

। મુંબઈ, તા.૩૦ ।

બોલિવૂડ સુપર સ્ટાર સલમાન ખાન રિયાલિટી શો બિગ બોસ ૧૭ના ઘરમાં આ દિવસોમાં સ્પર્ધકો વચ્ચે જબરજસ્ત લડાઈ જોવા મળી રહી છે. દરેક નવા એપિસોડમાં કંઈક નવું અને મસાલેદાર જોવા મળી રહ્યું છે. આમ લોકો બિગ બોસ જોવાને લઈને અનેક રીતે ઉત્સુક હોય છે. બિગ બોસ ૧૭નો એક નવો પ્રોમો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં સલમાન ખાનની સાથે ભાઈ અરબાઝ ખાન અને સોહેલ ખાન બિગ બોસના ઘરમાં જોવા મળી રહ્યા છે. આ શોમાં હવે સ્પર્ધકની મુશ્કેલીઓ વધવાની છે. ઘરમાં થઈ રહેલા વિવાદને લઈને હવે નવો ડ્રામા શોમાં શરૂ થવાનો છે. સલમાન ખાનના શો સાથે જોડાયેલી એક નવી અપડેટ સામે આવી છે. ટીવીનો મોસટ કોન્ટ્રોવર્શિયલ રિયાલિટી શો બિગ બોસ ૧૭નો એક નવો પ્રોમો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહ્યો છે. જો કે આ વિડીયોથી હલચલ મચી ગઈ છે એમ કહીએ તો પણ એમાં કંઈ ખોટું નથી. આ વિડીયોમાં



સલમાન ખાન એક મોટું એનાઉસમેન્ટ કરતો જોવા મળી રહ્યો છે. સલમાનના ભાઈ અરબાઝ ખાન અને સોહેલ ખાન પણ શોને હોસ્ટ કરશે, પરંતુ માત્ર રવિવારના દિવસે હોસ્ટ કરતા જોવા મળશે. આ પ્રોમોમાં સલમાન એના ભાઈ સાથે વાત કરતા નજરે પડે છે. શોમાં હવે સલમાન ખાનને વિકેન્ડ વારમાં સ્પર્ધકોની ક્લાસ લેતા જોવા મળી રહ્યા છે, જ્યારે હવે અરબાઝ ખાન અને સોહેલ ખાન રવિવારના દિવસે સ્પર્ધકોની સાથે મસ્તી મજાક કરતા નજરે પડે છે.

# ઝાલોદ નગરના રામસાગર તળાવની અંદર ચારે બાજુ ગંદકી : નગરપાલિકા તંત્ર તળાવની જાળવણી રાખવામાં નિષ્ફળ

## તળાવની અંદર ગંદકી અને કિનારાઓ પર જંગલી ઘાસ જોવા મળ્યા તેમજ તળાવની આજુબાજુનું વાતાવરણ પ્રદૂષિત જોવા મળ્યું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ નગરનું રામસાગર તળાવ અને તેની આજુબાજુનો વિસ્તાર નગરમાં વસતા લોકો માટે હરવા ફરવા માટે તેમજ સુદ્ધ વાતાવરણની મજા લેવા માટેનું સુંદર સ્થળ છે. પણ હાલ નગરનું વહીવટી તંત્રની લાપરવાહીને લીધે તળાવની આજુબાજુ તેમજ તેના કિનારાઓ પર ગંદકીના ઢગલા જોવા મળે છે.



નગરનું વહીવટી તંત્ર હાલ કુંભકર્ણની માફક સૂઈ રહેલ હોય તેવું લાગી રહેલું છે. નગરનું વહીવટી તંત્ર દરેક રીતે નગરને પ્રાથમિક જવાબદારી પૂરી કરવામાં સદંતર નિષ્ફળ રહેલું છે. નગરનું રામસાગર તળાવ નગરજનો માટે હરવા ફરવા માટે સુંદર વિસ્તાર છે. તળાવની અંદર થયેલ ગંદકી તેમજ કિનારાઓ પર ઉગી નીકળેલ ઘાસને લીધે તળાવ પર નગરજનો બેસી શકતા નથી. તેમજ નગરની આ પૌરાણિક સંપત્તિ જે નગરની શાન છે તેને જાળવવા તંત્રની લાપરવાહ હોય તેમ લાગી રહ્યું છે.

આ વિસ્તારમાં હનુમાનજી મંદિર તેમજ રામેશ્વર મહાદેવનું મંદિર હોવાથી નગરજનો મંદિરે દર્શન કરવા પણ જતાં હોય છે. પણ નગરજનોને તળાવની આસપાસ ગંદકી જોઈ તોબા પોકારી ગયેલ છે. કેટલીય વાર નગરજનો દ્વારા રજુઆત કરવા છતાય તંત્ર સફાઈના મુદ્દે મૌન અવસ્થામાં જોવા મળી રહેલ છે.

આવનાર દિવાળી પર વણિક સમાજ વાઈબ્રન્ટ દિવાળીની ઉજવણી કરી રહેલ છે અને આ ઉત્સવ ઉજવવા માટે પહેલા નગરમાં રહી બહાર સ્થાયી થયેલ લોકો અહીં આવનાર છે. આ દિવાળી પર વણિક સમાજના લોકો દેશ વિદેશથી ૧૦૦૦ કરતાં વધુ લોકો અહીંયાં આવનાર છે અને બધાની અવરજવર માટે રામસાગર એ મુખ્ય રસ્તો છે તો રામસાગર તળાવ તેમજ તેના આસપાસની ગંદકી પર તંત્ર ધ્યાન આપી સત્વરે સફાઈ કરાવે અને રામસાગર તળાવ અને તેની આજુબાજુનો વિસ્તાર સુંદર અને સ્વચ્છ બનાવે તેવી લોકમાંગ ઉભી થવા પામેલ છે.

# એકતાનગર ખાતે પ્રધાનમંત્રીશ્રી કાર્યાલયના મુખ્ય સચિવશ્રી ડો. પી.કે. મિશ્રા અને અધિક સચિવશ્રી હરિરંજન કરાવનું આગમન થતાં સ્વાગત કરાયું

। નર્મદા, તા.૩૦ ।

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે તા.૩૧મી ઓક્ટોબરના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં એકતા દિવસની ઉજવણી થનાર છે. જેના પૂર્વ દિવસે સોમવારે પ્રધાનમંત્રીશ્રી કાર્યાલયના મુખ્ય સચિવશ્રી ડૉ. પી.કે. મિશ્રા અને અધિક સચિવશ્રી હરિરંજન રાવ એકતાનગર હેલીપેડ ખાતે આવી પહોંચ્યા હતા.

જેઓનું ગુજરાત સરકારના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી, વડોદરા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દિલીપ રાણા સાથે



સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ઉદિત અગ્રવાલ અને જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ સહિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

## મહીસાગર જિલ્લાના લીંબડીયા એગ્રીકલ્ચર માર્કેટિંગ યાર્ડ ખાતે

# આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂત અને વૈજ્ઞાનિક વચ્ચેનો વાર્તાલાપ કાર્યક્રમનું આયોજ કરાયું



। મહીસાગર, તા.૩૦ ।

પ્રાકૃતિક ખેતીનું ડગલું એક ઝેર મુક્ત આહાર ના ભાગ રૂપે મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લીંબડીયા એગ્રીકલ્ચર માર્કેટિંગ યાર્ડ ખાતે આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂત અને વૈજ્ઞાનિક વચ્ચેનો વાર્તાલાપ કાર્યક્રમ યોજાયો હતો

આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિકશ્રીએ રવિ પાકોમાં પાકનો વાવેતર અને હાર્વેસ્ટિંગ નો સમય એ દરેક પાકમાં નફા માટેનું મુખ્ય ભાગ ભજવે છે તેમજ પાકોમાં આંતર પાકોનું મહત્વ સમજાવ્યું હતું. પાકોમાં પિયત વ્યવસ્થાપન તેમજ પાયામાં ધન જીવા મૃત આપીને તેનો સુક્ષ્મ જીવો દ્વારા પાકમાં થતો ફાયદો સમજાવ્યો હતો. પ્રોજેક્ટ ડાયરેક્ટર દ્વારા મોડેલ ફાર્મ ની યોજનામાં સરકારશ્રી દ્વારા સહાય અંગેની માહિતી આપી હતી અને મોડેલ ફોર્મ કરવાના થતા લાભો અને પ્રાકૃતિક ખેત પેદાશોને માર્કેટિંગ માટે સુવિધા અને એની વ્યવસ્થા માટે પણ ચર્ચા કરી હતી અને એપીએમસીના ચેરમેન શ્રી એ ખેડૂતોને ભાવી પેઢીનું આરોગ્ય જળવાય અને જમીનને બંજર થતી અટકાવવા માટેની એકમાત્ર વિકલ્પ પ્રાકૃતિક ખેતી છે એમ જણાવ્યું હતું. હાજર રહેલા ખેડૂત મિત્રોએ પોતાના જાત અનુભવ પણ જણાવ્યા હતા જેમાંથી આચ્છાદન અંગે પણ ખેડૂતોએ જણાવ્યું હતું કે અછાંદન કરવાથી નિંદામણ મુક્ત પાક તેમજ પાણીની બચત અને જમીનમાં ઓર્ગેનિક કાર્બન પર ઉમેરાય છે તેવું જણાવ્યું હતું અને દેશી ગાય આધારિત ખેતી કરવાથી દેશનો હૂંડિયામણ બચી શકે તેમજ યુવા ધન રોગમુક્ત જિંદગી જીવી શકે તેમજ જમીન ને બિનઝેરી થતા અટકાવી શકાય અને ધરતી માતાની ફળદ્રુપતા જાળવી શકાય તેના માટે આપણે પ્રાકૃતિક ખેતી કરવી જોઈએ.

આ કાર્યક્રમમાં તલોદ તાલુકાના નિવૃત્ત વૈજ્ઞાનિક શ્રી મફતભાઈ પટેલ, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, નાયબ ખેતી નિયામક વિસ્તરણ શ્રી પટેલ, ખેતી અધિકારી શ્રી, જિલ્લાના પ્રાકૃતિક ખેતીના સંયોજક, આત્મા પ્રોજેક્ટ મહીસાગરના તમામ તાલુકાના બીટીએમ અને એટીએમ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ"લેવામાં આવ્યા

## સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી ૩૧ ઓક્ટોબરના દિવસની દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે



। મહીસાગર, તા.૩૦ ।

ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રગણ્ય સેનાની અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં રાષ્ટ્રીય એકતા શપથ દિવસ મનાવવામાં આવે છે. જેમાં કર્મયોગીઓ દ્વારા રાષ્ટ્રભાવના યથાવત રાખવાના શપથ ગ્રહણ કરવામાં આવે છે.

મહીસાગર કલેકટર કચેરી સભાખંડ ખાતે આદિજાતિ વિકાસ,પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર અને કલેકટરશ્રી ભાવિન પંડયા, અધિકારીશ્રીઓ સહિત કર્મયોગીઓએ એકતા શપથ ગ્રહણ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ,જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ, લુણાવાડા ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ,બાલાસિનોર ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, અધિક નિવાસી કલેક્ટરશ્રી સી વી લટા સહિત કલેકટર કચેરીની તમામ શાખાના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં વિવિધ સ્થળોએ સ્વચ્છતાનાં કાર્યો કરવામાં આવ્યા





। નડિયાદ, તા.૩૦ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નિર્મળ ગુજરાતના આપેલા વિચારને સ્વચ્છતા હી સેવા અભિયાન સાથે જોડી સમગ્ર ગુજરાતને સ્વચ્છ-સુઘડ બનાવવાની નેમને ચરિતાર્થ કરવા સ્વચ્છતા હી સેવા અભિયાન અન્વયે આગામી બે મહિના સુધી રાજ્યવ્યાપી સ્વચ્છતા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી છે.

જેમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લાના વિવિધ તાલુકામાં ગામની જાહેર જગ્યામાં સ્વચ્છતાનાં કાર્યો કરવામાં આવ્યા. નડિયાદ તાલુકાના સુરાશામળ ગામમાં પ્રાથમિક શાળામાં, વસો તાલુકાના દેવાવાંટા ગામમાં તેમજ વડતાલ ગામમાં શાળામાં, કઠલાલ તાલુકાના છીપીયાલ ગામમાં, ખેડા તાલુકાના રસિકપુરા ગામમાં, કપડવંજ તાલુકાના દુધાથલ ગામમાં અને ગરોડ ગામમાં, ઠાસરા તાલુકાના પાંડવણીયા ગામમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત જાહેર જગ્યાની સાફ-સફાઈ કરવામાં આવી.

# દાહોદ કલેકટર કચેરી ખાતે કલેકટર ડો હર્ષિત ગોસાવી સહિત અધિકારીઓ અને કર્મયોગીઓએ રાષ્ટ્રીય એકતા ઉજવણીના ભાગરૂપે શપથ દિવસ નિમિત્તે શપથ ગ્રહણ કર્યા






। દાહોદ, તા.૩૦ ।

ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રગણ્ય સેનાની અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ થી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં રાષ્ટ્રીય એકતા શપ થ દિવસ મનાવવામાં આવે છે. જેમાં કર્મયોગીઓ દ્વારા રાષ્ટ્રભાવના યથાવત રાખવાના શપથ ગ્રહણ કરવામાં આવે છે.

દાહોદ કલેકટર કચેરી ખાતે કલેકટર શ્રી ડો હર્ષિત ગોસાવી સહિત કર્મયોગીઓએ એકતા શપથ ગ્રહણ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન પ્રોબેશન આઈ.એ.એસ શ્રી અમોલ આમતે, નિવાસી અધિક કલેકટર શ્રી એ.બી.પાંડોર સહિત તમામ પ્રાંત અધિકારી શ્રી ઓ, નાયબ કલેકટર શ્રીઓ,મામલતદાર શ્રીઓ સહિત કલેકટર કચેરીની તમામ શાખાના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચના ઝઘડીયા તાલુકાના પીપરીપાન ગામ ખાતે સફાઇ અભિયાન હાથ ધરાયું

। ભરૂચ, તા.૩૦ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ અર્ધલશ્કરી દળોને સામાન્ય લોકોની વચ્ચે જઈને તેમને શારીરિક રીતે સ્વસ્થ રહેવાનો સંદેશ આપવા અને તેમને જાગૃત કરવા આહ્વાન કર્યું છે. આરોગ્ય જાગૃતિના આ અભિયાનને ફિટ ઈન્ડિયા રન ૪.૦ નામ આપ વામાં આવ્યું છે. આ સંદર્ભે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ- CISF યુનિટ KGPP કવાસના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી સુરેન્દ્ર કુમાર સોનકરિયાના માર્ગદર્શન હેઠળ વહેલી સવારે ચોર્યાસી તાલુકાના સુવાલી બીચ, મોરા ખાતે ફિટ ઈન્ડિયા રન યોજાઈ હતી. જેમાં CISF ના અધિકારી-કર્મચારીઓએ 'સ્વસ્થ ભારત, સ્વસ્થ સમાજ'નો સંદેશ આપ્યો હતો. ઉપસ્થિત સૌ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા, આદર્શ જીવનશૈલી અપનાવવા અને નિયમિતપણે વ્યાયામ કરવા સંકલ્પબદ્ધ થયા હતા.



# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો- આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. આજે રૉમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરૅપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ?યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. નાણાકીય દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. તમારા ભાગીદાર સાથે કામ લેવું મુશ્કેલ હશે. પત્રવ્યવહાર તકેદારીપૂર્વક કરવાની જરૂર.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**મકર (ખ,જ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

# આંધ્ર પ્રદેશ ટ્રેન અકસ્માતમાં મૃત્યુઆંક વધીને ૧૪ થયો

## આ દુર્ઘટના રવિવારે રાત્રે ૭ વાગ્યે આંધ્ર પ્રદેશના વિઝિયાનગરમ જિલ્લાના કોઠાવલાસા મંડલના કંટકપલ્લી અને અલામંદા વચ્ચે થઈ હતી

। નવી દિલ્હી, તા.૩૦ ।

વિઝિયાનગરમ ટ્રેન અકસ્માતમાં મૃત્યુઆંક વધીને ૧૪ પર પહોંચ્યો છે જ્યારે ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે, સૂત્રોએ જણાવ્યું હતું. તેમાંના કેટલાકને ગંભીર ઈજાઓ થઈ હતી અને મૃત્યુઆંક વધવાની ધારણા છે. આ દુર્ઘટના રવિવારે રાત્રે ૭ વાગ્યે આંધ્ર પ્રદેશના વિઝિયાનગરમ જિલ્લાના કોઠાવલાસા મંડલના કંટકપલ્લી અને અલામંદા વચ્ચે થઈ હતી.

ઈસ્ટ કોસ્ટ રેલ્વે (ઈસીઓઆર) એ કહ્યું કે આંધ્રપ્રદેશના વિજિયાનગરમ જિલ્લામાં બે ટ્રેનોની ટક્કર માનવ ભૂલને કારણે થઈ શકે છે. મુખ્ય જનસંપર્ક અધિકારી વિશ્વજીત સાહુએ કહ્યું, વિશાખાપટ્ટનમ-રાયગડા પેસેન્જર સ્પેશિયલ ટ્રેન દ્વારા સિગ્નલનું 'ઓવરશૂટિંગ' થયું હતું. ઓવરશૂટીંગ શબ્દને સમજાવતા,






મુખ્ય જનસંપર્ક અધિકારીએ કહ્યું કે જ્યારે ટ્રેન લાલ સિગ્નલ પર રોકવાને બદલે આગળ વધે છે ત્યારે તે થાય છે. અન્ય રેલવે અધિકારીના જણાવ્યા અનુસાર, અકસ્માતને કારણે વિશાખાપટ્ટનમ-પલાસા પેસેન્જર ટ્રેન (ટ્રેન નંબર ૦૮૫૩૨) ના બે પાછળના કોચ અને વિશાખાપટ્ટનમ-રાયગડા પેસેન્જર (ટ્રેન નંબર ૦૮૫૦૪)ના લોકો કોચ પાટા પરથી ઉતરી ગયા હતા.

મુખ્ય પ્રધાન વાયએસ જગન મોહન રેડ્ડીએ તાત્કાલિક રાહત પગલાં લેવા અને વિશાખાપટ્ટનમ અને વિઝિયાનગરમની નજીકના જિલ્લાઓમાંથી શક્ય તેટલી વધુ એમ્બ્યુલન્સ મોકલવાના આદેશો જારી કર્યા છે. ઘાયલોને સારી સારવાર મળી રહે તે માટે નજીકની હોસ્પિટલોમાં તમામ પ્રકારની વ્યવસ્થા કરવા આદેશ આપવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાને રેલવે સત્તાવાળાઓને આરોગ્ય, પોલીસ અને મહેસૂલ સહિતના અન્ય સરકારી વિભાગો સાથે સંકલન કરીને તાત્કાલિક રાહત પગલાં લેવા અને ઘાયલોને તાત્કાલિક તબીબી સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો હતો. રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ઘાયલોને વિશાખાપટ્ટનમ અને વિઝિયાનગરમની હોસ્પિટલોમાં ખસેડવામાં આવી રહ્યા છે.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે 'X' પર એક પોસ્ટમાં કહ્યું કે સરકારે પીડિતો માટે એક્સ-ગ્રેશિયા રકમની જાહેરાત કરી છે. અશ્વિની વૈષ્ણવે કહ્યું, તમામ ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. એક્સ-ગ્રેટિયાની ચુકવણી શરૂ થઈ ગઈ છે - અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના નજીકના સંબંધીઓ માટે રૂ. ૧૦ લાખ, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો માટે રૂ. ૨ લાખ અને સાધારણ ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની જાહેરાત કરવામાં આવી છે.

### ભારતની વધી ચિંતા

## કેરળમાં પેલેસ્ટાઇન સમર્થનની રેલીમાં સામેલ થયા હમાસ નેતા

### સૂત્રએ જણાવ્યું હતું કે અમારી પાસે તમામ રેકોર્ડિંગ છે અને અમે તેનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરી રહ્યા છીએ

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતમાં પેલેસ્ટાઈનના સમર્થનની રેલીમાં હમાસના નેતાઓની વર્ચ્યુઅલ હાજરી ચિંતાનો વિષય છે. ટોચના ગુપ્તચર સૂત્રોએ રવિવારે આ માહિતી આપી હતી. હમાસના ભૂતપૂર્વ વડા ખાલેદ મેશાલે શુક્રવારે કેરળના મલપ્પુરમમાં પેલેસ્ટિનિયનોના સમર્થનમાં એક રેલીને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કરી હતી, જ્યારે હમાસના અન્ય નેતા ઈસ્માઈલ હાનિયેહ વર્ચ્યુઅલ રીતે હાજરી આપી શક્યા ન હતા. આ કાર્યક્રમનું આયોજન જમાત-એ-ઈસ્લામીની યુવા પાંખ સોલિડેરિટી યુથ મૂવમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સૂત્રએ જણાવ્યું હતું કે "અમારી પાસે તમામ રેકોર્ડિંગ છે અને અમે તેનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરી રહ્યા છીએ," "હમાસ ભારતમાં પ્રતિબંધિત સંગઠન નથી. અત્યાર સુધી હમાસના નેતાઓએ ભારત વિરુદ્ધ કંઈ કહ્યું નથી. બધા વિકલ્પો ખુલ્લા છે. "જ્યાં લાગુ પડશે ત્યાં ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાના કેસ નોંધવામાં આવશે. ભારત "આ મુદ્દે તટસ્થ નથી અને સાવચેતીપૂર્વક વિશ્લેષણ કર્યા પછી ચોક્કસપણે પગલાં લેવામાં આવશે. કેરળ ભારતીય જનતા પાર્ટીના વડા કે. સુરેન્દ્રને શનિવારે સોશિયલ મીડિયા પર મલપ્પુરમમાં સોલિડેરિટી યુથ મૂવમેન્ટની જિલ્લા શાખા દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં હમાસ નેતા મશાલની ભાગીદારી દર્શાવતું પોસ્ટર શેર કરીને આ મુદ્દો ઉઠાવ્યો હતો. હમાસના આતંકવાદી નેતાઓ (રાજ્યમાં) ઘટનાઓમાં ભાગ લે છે, તેમણે કહ્યું. તે માત્ર વર્ચ્યુઅલ ભાગીદારી હતી કારણ કે તેમને વિઝા મળ્યા ન હતા. આયોજકોના ઈરાદા સ્પષ્ટ હતા...'' બીજેપીના વડાએ કેરળ પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓને આ ઘટનાની વધુ તપાસ કરવા વિનંતી કરી હતી. કેરળમાં પેલેસ્ટાઈન તરફી રેલીમાં હમાસના નેતા ખાલિદ મશાલની ભાગીદારી પર ભાજપના નેતા શહઝાદ પૂનાવાલાએ કહ્યું, "તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે... કેરળ સરકાર આવા સંગઠનો અને તેમના નેતાઓને પ્લેટફોર્મ આપી રહી છે જેઓ આતંકવાદી માનસિકતા ધરાવે છે અને ૭૦૦ થી વધુ નિર્દોષોની હત્યા કરી ચૂક્યા છે. શું કોંગ્રેસ પાર્ટી જે ઇન્ડિયા ગઠબંધનનો ભાગ છે તે આની નિંદા કરશે? આતંકવાદીઓને એક પ્લેટફોર્મ આપવામાં આવી રહ્યું છે. વોટ બેંકની રાજનીતિના નામે આતંકવાદીઓને પ્લેટફોર્મ આપવામાં આવી રહ્યું છે.

# પેલેસ્ટાઇન સમર્થકોનો રશિયામાં રનવે પર કબજો

### સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, આ લોકો ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહીની નિંદા કરવા માટે એકઠા થયા હતા

। નવી દિલ્હી, તા.૩૦ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. ઈઝરાયલ ગાઝામાં સતત સૈન્ય કાર્યવાહી કરી રહ્યું છે. આ બધાની વચ્ચે રવિવારે પેલેસ્ટાઈન સમર્થકો દક્ષિણી રશિયન વિસ્તાર દાગિસ્તાનના મખાચકાલા શહેરમાં એરપોર્ટના રનવે પર અચાનક પહોંચી ગયા હતા. આ સમય દરમિયાન, વિરોધ કરી રહેલા લોકોએ રનવે બંધ કરી દીધો હતો, ત્યારબાદ રશિયન એવિએશન ઓથોરિટી રોસાવિયાત્સિયાએ દાગેસ્તાન ક્ષેત્રમાં જતી તમામ ફ્લાઈટ્સ અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરી હતી. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, આ લોકો ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહીની નિંદા કરવા માટે એકઠા થયા હતા.



દેખાવકારોનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં પ્રદર્શનકારીઓ એર ટર્મિનલમાં પ્રવેશતા અને પછી અંદરના તમામ રૂમને તોડી નાખતા જોઈ શકાય છે. વિરોધીઓએ પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવતા અને "અલ્લાહુ અકબર" ના નારા લગાવતા એરપોર્ટ બિલ્ડીંગ પર હુમલો કર્યો હતો. અહીં તેઓએ યહુદી વિરોધી સૂત્રોચ્ચાર કર્યા અને તેલ અવીવ, ઈઝરાયલથી આવતી ફ્લાઈટ્સ પર આવતા મુસાફરોની શોધ કરી હતી. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે પ્રદર્શનકારીઓ બળજબરીથી દરવાજો ખોલી રહ્યા છે. કેમેરાની પાછળનો વ્યક્તિ અભદ્ર ભાષામાં બૂમો પાડી રહ્યો છે અને દરવાજા ખોલવાનું કહી રહ્યો છે. આ દરમિયાન તે એરપોર્ટ કર્મચારીઓ પર ગુસ્સે થઈ રહ્યો છે.

એક મહિલા રશિયનમાં કહી રહી છે, "અહીં કોઈ ઈઝરાયલી નથી. ઘણા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પ્રદર્શનકારીઓનો ઉદ્દેશ્ય ઈઝરાયલના નાગરિકો પર હુમલો કરવાનો હતો. દાગિસ્તાનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી બેની હાલત ગંભીર છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ઘાયલોમાં પોલીસ અધિકારીઓ અને નાગરિકોનો સમાવેશ થાય છે. આંદોલનકારીઓ સામે કાર્યવાહી કરાઈ રહી છે.

# ડુંગળીના ભાવ ૧૫૦ રૂપિયા સુધી જઇ શકે છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

કેટલાક મહિનાઓથી ટામેટાના ભાવે સામાન્ય લોકોના બજેટને બગાડ્યું હતું અને હવે ડુંગળીના ભાવ પણ તે જ માર્ગે ચાલી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં ડુંગળીના ભાવમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે.

દિલ્હી NCRમાં એક સપ્તાહમાં ડુંગળીના ભાવ બમણા થઈ ગયા છે. આ સિવાય બેંગલુરુ, પંજાબ, મુંબઈ અને દેશના અન્ય શહેરોમાં ડુંગળીની કિંમત ૧૦૦ રૂપિયાની નજીક પહોંચી ગઈ છે. રિપોર્ટ્સ અનુસાર, ડુંગળીના ભાવમાં હજુ વધારો થવાની ધારણા છે. રવિવારે બેંગલુરુમાં ડુંગળીનો જથ્થાબંધ



ભાવ ૭૦ રૂપિયા પ્રતિ કિલો હતો, જે એક સપ્તાહ પહેલા ૫૦ રૂપિયા હતો. છૂટક કિંમત ૩૯ રૂપિયાથી વધીને ૮૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. અહેવાલ મુજબ, ડુંગળીના ભાવ હજુ થોડા દિવસો સુધી ઊંચા સ્તરે રહેશે અને તે ૧૦૦ રૂપિયાને પાર કરી શકે છે અને પ્રતિ કિલો ૧૫૦ રૂપિયા સુધી જઈ શકે છે. સ્થાનિક ખેડૂતો તરફથી ડુંગળીની સપ્લાય ઓછી થવાના કારણે તેના ભાવમાં ઝડપથી વધારો થયો છે. હુબલીમાં એક સપ્તાહમાં ડુંગળીની કિંમત ૨૫૦૦થી ૩૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધીને ૬,૦૦૦-૬,૯૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. તેવી જ રીતે છૂટક બજારમાં ડુંગળીની કિંમત ૩૦ થી ૩૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૭૫થી ૮૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ કિંમતો માત્ર એક સપ્તાહમાં વધી છે. સરકારે વધતી કિંમતોને ઘટાડવા માટે કેટલાક નક્કર પગલાં લીધા છે. શનિવારે ડુંગળીની નિકાસ પર ડ્યુટી જાહેર કરવામાં આવી હતી. હવે ડિસેમ્બર સુધી ડુંગળીની નિકાસ ડ્યુટી ૬૦ રૂપિયા પ્રતિ કિલો હશે, જે પહેલા ૪૦ રૂપિયા પ્રતિ કિલો હતી.

નિકાસ ડ્યુટી વધારવાથી વધુ ડુંગળી સ્થાનિક બજારમાં પહોંચશે, જેનાથી ભાવ ઘટી શકે છે. અનુસાર, નિષ્ણાતો કહે છે કે બજારમાં ઉપલબ્ધ ડુંગળીનો છેલ્લો સ્ટોક સંગ્રહિત કરવામાં આવી રહ્યો છે, જેના કારણે સપ્લાય ઝડપથી ઘટી રહી છે. સ્થાનિક બજારમાં ડુંગળીનો પુરવઠો ઘટ્યો છે, જેના કારણે ડુંગળીના ભાવ ઝડપથી વધી રહ્યા છે. રિપોર્ટ અનુસાર જો સરકાર આ અંગે તાત્કાલિક પગલાં નહીં લે તો ડુંગળીની કિંમત ૧૨૦થી ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

## બેંક સ્ટાફને કહ્યું મશીનથી નહીં હાથેથી ગણીને આપો

। નવી દિલ્હી, તા.૩૦ ।

હવે બેંકોમાં મશીનો દ્વારા નોટો ગણાય છે, પરંતુ એક વ્યક્તિ એ વાત પર મક્કમ હતો કે તે બેંક સ્ટાફના હાથે ગણીને જ રુપિયા લેશે. વાસ્તવમાં, એક કરોડપતિ વ્યક્તિએ બેંકમાંથી લગભગ ૬ કરોડ રૂપિયા ઉપાડી લીધા, પરંતુ બેંક અને તેના સ્ટાફ પ્રત્યે તેનો ગુસ્સો એટલો હતો કે તેણે જાણી જોઈને બેંક સ્ટાફને કહ્યું કે પોતે હાથથી ગણેલા રુપિયા જ લેશે. આ ઘટના ચીનની છે, જ્યાં બેંકના સુરક્ષા કર્મચારીઓ સાથેની દલીલ બાદ એક અમીર વ્યક્તિએ શાંઘાઈ બેંકમાંથી ૫.૬૯ કરોડ રૂપિયા ઉપાડી લીધા અને બેંક કર્મચારીઓને તેને જાતે ગણવા કહ્યું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ઘટના ૨૦૨૧ની એટલે કે બે વર્ષ જૂની છે. ઈન્સાઈડરના સમાચાર મુજબ, આ કરોડ પતિ વ્યક્તિએ બેંકના સુરક્ષા ગાર્ડના વર્તનથી નારાજ થઈને આ પગલું ભર્યું. કરોડપતિએ તેના બેંક ખાતામાંથી ૫.૬૯ કરોડ રૂપિયા ઉપાડી લીધા હોવાનો દાવો કર્યો છે. આ વ્યક્તિનું માનવું છે કે તેણે સુરક્ષા ગાર્ડની ગ્રાહક સેવાનો અનુભવ કર્યા બાદ આ પગલું ભર્યું હતું. તેનો આરોપ છે કે બેંક સ્ટાફે તેની સાથે યોગ્ય વર્તન કર્યું નથી.

**વિશેષ** | શ્રી નરેન્દ્રભાઈએ રાજનીતિ અને રાજનેતાઓ પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલ્યો

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતના સાંસ્કૃતિક યોદ્ધાઓને પુરસ્કાર એનાયત

## સામાજિક દૂષણ સામેની લડાઈ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની : ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી




ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં રામમંદિરનું નિર્માણ, ૨૩૧ પ્રાચીન મૂર્તિઓને ભારત પરત લાવવી અને નવી શિક્ષણ નીતિમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્વ આપવાની દરખાસ્ત સહિતના પ્રયત્નો થકી શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આવ્યા છે. ત્યારે સંસ્કાર, સંસ્કૃતિ અને શીલના રક્ષણ માટે કાર્યરત યોદ્ધાઓના સન્માન માટે તેમણે યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગ તથા સેવ કલ્ચર ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગ અને સેવ કલ્ચર ફાઉન્ડેશન દ્વારા આયોજિત ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કુલ ૮ વ્યક્તિવિશેષને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભારતીય સંસ્કૃતિના રક્ષક અને સંવર્ધક ગણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ રાજનીતિ અને રાજનેતાઓ પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલ્યો છે. તેમણે જણાવ્યું કે, ગુનેગારોને સજા અને પ્રામાણિકને પ્રોત્સાહન આપવાની શ્રી નરેન્દ્રભાઈની નીતિ રહી છે. વડાપ્રધાનશ્રીની છેવાડાના માનવી સુધી વિકાસના પરિણામો પહોંચાડવાની કાર્યપદ્ધતિને નાગરિકોએ વધાવી છે. એમ તેમણે ઉમેર્યું હતું.

તાજેતરમાં થયેલા જીએસટીના વિક્રમી કલેક્શનનો ઉલ્લેખ કરી તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે તમામ ક્ષેત્રોમાં વિકાસલક્ષી વ્યાપક પરિવર્તનો કર્યા છે. જેના પરિણામે છેવાડાના માનવી સુધી આરોગ્ય અને શિક્ષણ જેવી માળખાગત સુવિધાઓ પહોંચી રહી છે. જેથી કોઈપણ વિકટ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પડખે હોવાનો અહેસાસ દેશવાસીઓ કરી રહ્યા છે. એમ તેમણે જણાવ્યું હતું.

યુવાનોને સદમાર્ગે આગળ વધારવાના સરકારના પ્રયાસમાં સાંસ્કૃતિક યોદ્ધાઓનો સતત સહયોગ મળી રહ્યો છે. તેનો આનંદ વ્યક્ત કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શીલ, સંસ્કૃતિ અને સદાચારની રક્ષા કરનારને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સહુ નાગરિકોને પણ સાંસ્કૃતિક યોદ્ધા બનવાનું આહવાન કર્યું હતું. આજના અવસરે ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, વિશ્વને ભારતની અસ્મિતાની ઓળખ કરાવી દરેક ભારતીયમાં રાષ્ટ્રભાવના જગાવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. સંયુક્ત કુટુંબ અને સમાજમાં એકતા એ આપણી સંસ્કૃતિ છે. જેની જાળવણી માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં અસરકારક કામગીરી થઈ રહી છે. ડ્રગ્સ વિરોધી અભિયાનનો ઉલ્લેખ કરી શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યના હજારો યુવાનોને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્ત કરાવવાનું કામ રાજ્યના પોલીસ વિભાગે કર્યું છે. કાયદાની સાથે કાઉન્સેલિંગ થકી અનેક પરિવારોને વિખેરાતા બચાવાયા છે એમ તેમણે ઉમેર્યું હતું. શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સામાજિક દૂષણ સામેની લડાઈ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની છે. વાલીઓને અપીલ કરતાં તેમણે જણાવ્યું કે, સંતાનોને ભૌતિક સુખ-સુવિધા અને મોંઘીદાટ વસ્તુઓ આપવાની સાથે સંસ્કાર આપી પોતાની ફરજ પ્રત્યે સભાન બનાવવા પણ જરૂરી છે. સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર દ્વારા અન્ય લોકોને પણ સંસ્કાર અને સંસ્કૃતિના સંવર્ધનની પ્રેરણા મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. આજના સમારોહમાં કેન્દ્રીય માહિતી કમિશનર શ્રી ઉદય માહુરકર, ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી બાબુસિંહ જાદવ, અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, જાણીતા આધ્યાત્મિક ગુરુ પરમાત્માનંદજી, યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગના સચિવ શ્રી અશ્વિની કુમાર, નાયબ સચિવ શ્રી કે.એસ.વસાવા સહિત આમંત્રીતો અને મોટી સંખ્યામાં સુજ્ઞ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

**ન્યૂઝ બ્રિફ**

## મોરવા હડફના મોરા નજીક પેસેન્જર રીક્ષા પલટી, એક મહિલાનું મોત

। પંચમહાલ, તા.૩૦ ।

પંચમહાલના મોરવા હડફના મોરા નજીક પેસેન્જર ભરેલી રીક્ષા પલટી હોવાની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં એક મહિલાનું મોત થયું છે. તો અન્ય મુસાફરો ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે બનાવને લઈ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર મોરવા હડફના મોરા નજીક પેસેન્જર ભરેલ રીક્ષાના ચાલકે સ્ટિયરિંગનો કાબુ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો. છકડો રીક્ષા પલટી જતાં અન્ય મુસાફરોએ રીક્ષા નીચે દબાયેલા પેસેન્જરોને બહાર કાઢ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મોરા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. આ અકસ્માતમાં એક મહિલાનું મોત નીપજ્યું અને છ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી છે.

## બનાસકાંઠામાં ઈઝરાયેલ બોયકોટના પોસ્ટર લગાવનારા ૬ લોકોની પોલીસે અટકાયત કરી

। બનાસકાંઠા, તા.૩૦ ।

બનાસકાંઠા જિલ્લાના છાપી વિસ્તારમાં કેટલાક શખ્શોએ ઈઝરાયલ વિરોધી પોસ્ટર લગાવીને વિસ્તારમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. બોયકોટ ઈઝરાયેલ લખેલા પોસ્ટર કેટલાક વિસ્તારમાં ચીપકાવવામાં આવ્યા હોઈ પોલીસે તેને દૂર કરાવ્યા હતા. અજાણ્યા શખ્શો અંગેની શોધખોળ છાપી પોલીસે કરતા ૬ લોકો ઝડપાયા છે. છાપી પોલીસે તેમની અટકાયત કરીને તપાસ શરુ કરી છે. પોસ્ટર ચીપકાવવાની યોજના કોણે બતાવી અને ક્યાં છાપવામાં આવ્યા હતા એ દીશામા પણ તપાસ કરવામાં આવી શકે છે.ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન વિશ્વમાં અનેક જગ્યાઓ વિરોધીઓ પ્રદર્શન કરી રહ્યા છે. આ દરમિયાન બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી વિસ્તારમાં ઈઝરાયેલ વિરુદ્ધના પોસ્ટર લાગ્યા હતા. પોસ્ટરને પગલે સ્થાનિક પોલીસે તેને લગાવનારા અજાણ્યા લોકોની શોધખોળ શરુ કરી હતી. જેમાં ૬ લોકોની ઓળખ કરી લઈને પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. છાપી અને આસપાસના વિસ્તારોમાં બોયકોટ ઈઝરાયેલના પોસ્ટર લાગ્યા હતા. આ પોસ્ટરને પગલે સ્થાનિક પોલીસે તેને ચીપકાવનારાઓની શોધખોળ શરુ કરી હતી. પોલીસે શાંતિ ડહોળવાના પ્રયાસ રુપ આ હરકતને લઈ કાર્યવાહી હાથ ધરતા પોસ્ટર ચીપકાવનારા છ લોકોની અટકાયત કરી હતી.



ગુજરાતના મહેસાણા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું લોકોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડિયામાં અનેક નવી ભેટ આપશે

# પીએમ મોદી આજે કેવડિયામાં વિશાળ ટૂરિસ્ટ સેન્ટરની આધારશિલા રાખશે

### રૂ.૭.૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કમલમ્ પાર્કનું લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવશે

। અમદાવાદ, તા.૩૦ ।

૩૧ ઓક્ટોબરના રોજ લોખંડી પુરૂષ સરદાર પટેલની જન્મ જયંતિ નિમિતે કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિનના ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રોજેક્ટોનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરાશે. ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં નિર્માણ પામેલા કલમલ પાર્કને લોકો માટે ખુલ્લો મુકાશે. રૂ.૭.૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કમલમ્ પાર્કનું લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં નર્મદા નદીના કિનારે ડ્રેગન ફ્રૂટ, કે જે 'કમલમ' તરીકે જાણીતું છે, તેની નર્સરી બનાવવામાં આવી છે. આ નર્સરીમાં પ્રવાસીઓ અને ખેડૂતોને આ ફળના ફાયદા અને તેની ખેતીની પદ્ધતિ વિશે શિક્ષિત કરવા માટે ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટર બનાવવામાં આવ્યું છે.જેના થકી પ્રવાસીઓને કમલમ વિશે માહિતગાર કરવામાં આવશે. કમલમ પાર્કએ ખેડૂતોની આવક વધારવા અને ખેડૂતોને આજીવિકાનો નવો વિકલ્પ પૂરો પાડવા માટે વડાપ્રધાનના વિઝનથી પ્રેરિત પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટમાં ડ્રેગન ફ્રૂટ કે જે 'કમલમ' તરીકે જાણીતુ છે તે નર્મદા નદીના ડાબા કિનારે સુંદર નર્સરી એકતાનગર ખાતે સ્થાપિત કરવામાં આવી છે. આ નર્સરીમાં મુલાકાતીઓ અને ખેડૂતોને આ ફળના ફાયદા અને તેની ખેતીની પદ્ધતિ વિશે માહિતગાર કરવા માટે ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટર મહત્વનો ભાગ તરીકે કાર્ય કરી રહ્યું છે.

# ગાંધીધામ અને હિંમતનગર સ્ટેશનો પર ઊજવાયો 'સ્ટેશન મહોત્સવ'



। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના ગાંધીગ્રામ અને હિંમતનગર રેલવે સ્ટેશનો પર ૨૯ અને ૩૦ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ 'સ્ટેશન મહોત્સવ' ઊજવાયો. 'સ્ટેશન મહોત્સવ'માં ભારતીય રેલના ભવ્ય વારસા, ઈતિહાસ, લોકકલા અને સંસ્કૃતિના સમન્વયની ઝલક પ્રસ્તુત કરવામાં આવી.

ગાંધીધામમાં 'સ્ટેશન મહોત્સવ' દરમિયાન માનનીય વિધાયક શ્રીમતી માલતીબેન મહેશ્વરીએ યાત્રીઓની સુવિધા માટે ગાંધીધામ સ્ટેશન પર એક જોડી એસ્કેલેટરનું લોકાર્પણ કર્યું. આ મહોત્સવ દ્વારા રેલ યાત્રીઓ તેમ જ અન્ય લોકોને રેલવેના ઈતિહાસની સાથોસાથ સ્થાનિક સંસ્કૃતિ વિશે પણ મહત્ત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી. પશ્ચિમ રેલવે દ્વારા 'રેલવેના ગૌરવશાળી ભૂતકાળથી ગતિશીલ વર્તમાન સુધીની સફર' વિષય પર બનાવવામાં આવેલી શોર્ટ ફિલ્મ પણ આ અવસરે આ સ્ટેશનો પર દર્શાવવામાં આવી. આ મહોત્સવ દરમિયાન રેલવે સ્ટેશન પર રંગીન રોશનીથી સજાવટ કરવામાં આવી.

હિંમતનગર સ્ટેશન પર 'સ્ટેશન મહોત્સવ'માં માનનીય સંસદસભ્ય શ્રી દીપસિંહ રાઠોડ તેમ જ માનનીય વિધાયેક શ્રી વીરેન્દ્ર સિંહ ઝાલા દ્વારા મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો અને સ્ટેશન પર યોજવામાં આવેલ એક્ઝિબિશન તેમ જ વિવિધ પ્રકારના સ્ટોલ્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમણે આ એક્ઝિબિશનની ખૂબ પ્રશંસા કરી.

આ મહોત્સવમાં રેલ પ્રશાસન સ્ટેશનના ઈતિહાસ સંબંધિત ફોટો એક્ઝિબિશન યોજવામાં આવ્યું અને સેલ્ફી પોઈન્ટ પણ રાખવામાં આવ્યા, જ્યાં ફોટો ખેંચાવવાનું આકર્ષણ સ્કૂલના બાળકો માટે ઘણું રહ્યું. બંને સ્ટેશનો પર સાંસ્કૃતિક નૃત્ય અને સ્કૂલના બાળકો વચ્ચે ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન પણ કરવામાં આવ્યું. આ દરમિયાન હિંમતનગર અને ગાંધીધામ સ્ટેશનો પર તમામ યાત્રીઓ અને અન્ય લોકો માટે હેલ્થ ચેક-અપ કેમ્પ, ફૂડ સ્ટોલ, ચિલ્ડ્રન કોર્નર વગેરે રાખવામાં આવ્યા અને આ અવસરે સામાન્ય લોકો તેમ જ સ્કૂલના વિદ્યાર્થીઓને સ્વચ્છતા જાગૃતિ પ્રત્યે પ્રેરિત કરવામાં આવ્યા તેમ જ પર્યાવરણ સંરક્ષણ માટે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીરકુમાર શર્માના મતે આવા 'સ્ટેશન મહોત્સવ' કાર્યક્રમનું આયોજન મંડળના અન્ય સ્ટેશનો પર પણ કરવામાં આવશે.

### રાજ્યમાં હાર્ટએટેકના મામલા વધુ સામે આવી રહ્યા છે

# છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં હાર્ટ એટેકથી આઠ લોકોનાં મોત

### પાટણ, વડોદરા, ભાવનગર અને સુરતમાં આઠ લોકોના હૃદય થંભી જવાથી મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો

। અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતમાં હાર્ટ એટેકના મામલાઓ વધુ પ્રમાણમાં સામે આવી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં હાર્ટ એટેકને કારણે આઠ લોકોના મોત થયા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. (આઈસીએમઆર)પાટણ, વડોદરા, ભાવનગર અને સુરતમાં નવ લોકોના હૃદય થંભી જવાથી મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તે ઉપરાંત વડોદરાના એક યુવાનનું કુવૈતમાં મોત થયું હોવાના અહેવાલો પણ મળી રહ્યાં છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરમાં હાર્ટ એટેકને કારણે ત્રણ લોકો જીવ ગુમાવ્યાં છે. જેમાં જગદીશ જાદવ,લક્ષ્મણદાસ આસવાણી અને ભાવનગર આવી રહેલા ઉમેશ માંડલિયાનું હાર્ટ એટેકને કારણે મોત થયું છે. તે ઉપરાંત સુરતમાં પણ હાર્ટ એટેક ગોઝારો સાબિત થયો છે. શહેરમાં એક જ દિવસમાં ત્રણ લોકો હૃદયના હૂમલાથી મોતને ભેટ્યાં છે. સુરતના અમરોલીમાં સાહિલ રાઠોડ, પાંડેસરામાં સંજય સહાની અને વરાછામાં મહેશ ખાંમ્બરનું મોત નિપજ્યું હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

વડોદરાની વાત કરીએ તો વીઆઈપી રોડ પરની અશોક વાટિકામાં રહેતા યુવાનને બેચેની જેવું લાગતાં જ તે ડોક્ટરને બતાવવા માટે ગયો હતો અને સારવાર દરમિયાન જ ઢળી પડ્યો હતો. જ્યારે અન્ય એક કેસની વાત કરીએ તો વડોદરાના નાગરવાડા વિસ્તારના પ્રકાશ ચૌહાણને કુવૈતમાં હાર્ટ એટેક આવ્યો હતો. હવે કુવૈતથી ચાર્ટર્ડ પ્લેન મારફતે તેનો મૃતદેહ વડોદરા લાવવામાં આવશે. તે ઉપરાંત પાટણમાં પણ એક આધેડનું હાર્ટ એટેકને કારણે મોત નિપજ્યું છે. ચાણસ્માના રણાસણ ગામના સરપંચના પતિ કાનજીભાઈ પરમાર સિદ્ધપુરમા દીકરીને ત્યાં ગયા હતાં અને તેમને હાર્ટ એટેક આવ્યો હતો.



ગુજરાત સહિત દેશભરમાં હાર્ટએટેકના કેસ સતત વધતાં જઈ રહ્યાં છે. દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે જે લોકો ગંભીર રીતે કોરોનાથી પીડિત થયા હતા તેઓએ થોડાક સમય માટે આકરી મહેનત કે કપરી કસરતો કરવાનું બંધ કરી દેવું જોઈએ. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રીએ આઈસીએમઆરની એક રિસર્ચનો હવાલો આપ્યો હતો. તેમણે કહ્યું કે આઈસીએમઆરએ રિસર્ચમાં નોંધ્યું છે કે જે લોકો કોરોનાથી ગંભીર રીતે પીડિત હતા તેઓએ થોડાક સમય માટે આકરી મહેનત કરવાનું પડતું મૂકવું જોઈએ. તેમણે એક કે બે વર્ષ માટે કસરત કે જિમથી બ્રેક લેવો જોઈએ.

**કલોલનું રાજકારણ ફરી એકવાર ગરમાયુ**

## કલોલ નગરપાલિકામાં ભાજપના ૯ કોર્પોરેટરના રાજીનામા

। ગાંધીનગર, તા.૩૦ ।

ગાંધીનગરની કલોલ નગરપાલિકામાં આંતરિક વિખવાદ ચરમસીમા હોય તેવુ વર્તમાનમાં જણાઈ રહ્યું છે. કલોલ નગરપાલિકામાં ભાજપના ૯ કોર્પોરેટરોએ એકી જાટકે રાજીનામા ધરી દેતા કલોલનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. પ્રાપ્ત વિગતો મુજબ નગર પાલિકામાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂક કર્યા બાદ આ તમામ કોર્પોરેટરો નારાજ થયા હતા અને જે મુદ્દે નારાજગી વ્યક્ત કરીને તેમણે રાજીનામા ધરી દીધા છેઅત્રે જણાવીએ કે, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂક સામે કોર્પોરેટરમાં રોષ જોવા મળી રહ્યો છે.

નગરપાલિકાના પ્રમુખ સામે પણ કોર્પોરેટર નારાજ હોવાથી કોર્પોરેટરોએ રાજીનામાં આપ્યાની વાત સામે આવી છે. આપને જણાવીએ કે, અગાઉ પણ પ્રમુખની વરણી મામલે કલોલ નગરપાલિકામાં વિવાદ થયો હતો. અગાઉ પણ કોર્પોરેટરોએ રાજીનામા આપી દીધા હતા.

## ૩થી ૧૧ નવેમ્બર સુધી વટવા-મણિનગર વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૩૦૮ બંધ રહેશે

। અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ ડિવિઝનના વટવા - મણિનગર સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૩૦૮ કિમી ૪૯૧/૨૦-૨૨ મણિનગર ક્રોસિંગ સમારકામ અને જાળવણીના કામ માટે ૩ નવેમ્બર ૨૦૨૩ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યા થી ૧૧ નવેમ્બર ૨૦૨૩ના રોજ રાત્રે ૨૦.૦૦ વાગ્યા સુધી બંધ રહેશે.

માર્ગ વપરાશકર્તા આ સમયગાળા દરમિયાન અમદાવાદ બાજુના નાથાલાલ ઝગડિયા રોડ ઓવર બ્રિજ (ROB) અને વટવા બાજુના દક્ષિણી રોડ અન્ડર બ્રિજ (RUB) દ્વારા આવાગમન કરી શકે છે.

**રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે**

# આણંદ જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓના અધિકારી-કર્મીઓએ લીધા એકતા શપથ





। આણંદ, તા.૩૦ ।

દેશની એકતા અને અખંડીતતા કાજે પોતાનું અમૂલ્ય યોગદાન આપનાર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ૩૧, ઓકટોબરના દિવસને પ્રતિ વર્ષ "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીના ભાગ રૂપે આણંદ જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં કાર્યરત અધિકારી-કર્મચારીઓ દ્વારા એકતા શપથ લેવામાં આવ્યાં હતાં.

જે અન્વયે આણંદ કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટરશ્રી પ્રવિણ ચૌધરીની ઉપસ્થિતિમાં નિવાસી અધિક કલેકટરશ્રી અને કલેકટર કચેરીના અધિકારી તથા કર્મચારીઓએ એકતા શપથ લીધા હતા. આ ઉપરાંત જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ જેવી કે, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી, ફુડ એન્ડ ડ્રગ્સ, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ ઓફિસ, સમાજ સુરક્ષા કચેરી, જિલ્લા બાળસુરક્ષા એકમ, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી સિંચાઈ વિભાગ આણંદ અને આંકલાવ નગરપાલિકા સહિતની જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓના અધિકારી-કર્મચારીઓ દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એકતા શપથ લેવામાં આવ્યા હતાં.

## આણંદ ખાતે ઘરેલું હિંસા અધિનિયમ અંતર્ગત સેમિનાર યોજાયો



। આણંદ, તા.૩૦ ।

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આણંદ તાલુકાના નાપાડ તળપદ ગામના કોમ્યુનીટી હોલ ખાતે ઘરેલું હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ – ૨૦૦૫ અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ફરજાનાબાનુ ખાનના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ સેમિનારમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તરફથી આવેલ એડવોકેટશ્રી નીલ શાહ દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ -૨૦૦૫ અંતર્ગત ઘરેલું હિંસા કોને કહેવામાં આવે છે, આ કાયદા હેઠળ કોણ મદદ કરી શકે, કાયદા હેઠળ પીડિત મહિલાને સુરક્ષા, રહેઠાણ, નાણાકીય રાહત અને ભરણ પોષણ, બાળકનો કબજો, વળતર તથા વચગાળાના હુકમ, દહેજ પ્રતિબંધક અધિનિયમ, કામકાજના સ્થળે થતી જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે મહિલા અને બાળ અધિકારીની કચેરીના ફિલ્ડ ઓફિસર ફાલ્ગુની સોલંકીએ વ્હાલી દીકરી, બેટી-બચાઓ બેટી-પઢાઓ, મહિલા શક્તિ કેન્દ્ર, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના,સ્વધાર ગૃહ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર તેમજ મહિલાઓને આર્થિક પગભર થવા માટેની મહિલા સ્વાવલંબન યોજના વિશેની જાણકારી આપી હતી.

# ગુજરાતી અભિનેતા મલ્હાર ઠાકર અદાણી અમદાવાદ મેરેથોનને 'લીલી ઝંડી' આપવા ઉપસ્થિત રહેશે

। અમદાવાદ, તા.૩૦ ।

સૌથી વધુ આતુરતાથી રાહ જોવાઈ રહી છે તે અદાણી અમદાવાદ મેરેથોનની સાતમી આવૃત્તિ, ૨૬ નવેમ્બરના રોજ યોજાનાર છે. અદાણી ગ્રુપ દ્વારા આયોજિત આ મેરેથોનને ગુજરાતી અભિનેતા મલ્હાર ઠાકર દ્વારા ફલેગ ઓફ કરવામાં આવશે, જેઓ એક કવિ પણ છે. ૩૩ વર્ષીય મલ્હાર દાયકથી પણ વધુ સમયથી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગના સૌથી જાણીતા ચહેરાઓમાના એક છે. મેરેથોનને ફ્લેગ ઓફ કરવા માટે રેસના દિવસે મલ્હાર સાથે હાજર રહેનાર સુપ્રસિદ્ધ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મિતાલી રાજ પણ હશે, જે તેની રમતની બે દાયકથી વધુ લાંબી કારકિર્દી દરમિયાન સૌથી યોગ્ય રમતવીરોમાંની એક રહી ચૂકેલ છે. અદાણી #Run4OurSoldiers માં ભગલેનારાઓ ની શ્રેણીઓ ફુલ મેરેથોન (૪૨.૧૯૫ કિમી), હાફ મેરેથોન (૨૧.૦૯૭ કિમી), ૧૦ કિમી દોડ અને ૫ કિમી દોડ છે. એસોસિયેશન ઓફ ઈન્ટરનેશનલ મેરેથોન્સ એન્ડ ડિસ્ટન્સ રેસ (AIMS) દ્વારા પ્રમાણિત આ મેરથોનમાં રેસ ડિરેક્ટર તરીકે ખૂબ જ અનુભવી અનુભવી દેવ કન્ડી, વાઈસ-પ્રેસિડેન્ટ અને ટેકનિકલ ડિરેક્ટર, AIMS જોડાશે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨